






સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

નવેમ્બર - ૨૦૦૮
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં યોજાયેલ તેરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર - ૨૦૦૮)








**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ‘ગાદિ પટ્ટાભિષેક’ ના ‘રજત જયંતિ વર્ષ’માં સરધારધામને આંગણે યોજાયેલ તેરમી ‘શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી’ (તા. ૨૯ ઓકટોમ્બર થી ૯ નવેમ્બર - ૨૦૦૮)**

**૧. નૂતન વર્ષના સુપ્રભાતે ઠાકોરજી તથા શ્રી ધર્મકુળનું પૂજન કરતા પૂ. સ્વામી. ૨/૩. પૂ. સંતો-ભક્તોનું પરસ્પર સ્નેહમિલન. ૪. હરિભક્તોને ભાવ ભેટતા પૂ. સ્વામી. ૫. નૂતન વર્ષે શ્રી સ્વામિનારાયણ મંદિર (જુના)માં બિરાજમાન ઠાકોરજી સમક્ષ ધરાવેલ અન્નકૂટ. ૬/૭. છાવણી દરમ્યાન રાત્રિ કાર્યક્રમમાં સંતો-ભક્તોનો દિવ્ય રાસોત્સવ. ૮. ચારધામસ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૦૮ની ડી.વી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી તથા આગેવાન ભક્તજનો. ૯. સ.ગુ. શ્રી ભુમાનંદ સ્વામીના કીર્તનપદોની ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી તથા હરિભક્તો. ૧૦. જાગો જાગો જગજીવન-પ્રભાતિયાની ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી તથા અગ્રગણ્ય ભક્તો. ૧૧. અક્ષરના વાસી વ્હાલો...કીર્તન વિવેચન ડી.વી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી તથા આગેવાન ભક્તજનો. ૧૨. આચાર સંહિતા ડી.વી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી સાથે વિદેશના ભક્તજનો.**




**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં સરધારધામને આંગણે યોજાયેલ તેરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર - ૨૦૦૮)**

૧/૨/૩. છાવણી દરમ્યાન દરરોજ સર્વોપરી ઉપાસના, આચાર્ય મહિમા, પંચવર્તમાન, સંતમહિમા, ધ્યાનયોગ વગેરે વિષયો ઉપર યોજાતી જ્ઞાનગોષ્ઠીમાં પૂ. સ્વામી તથા અન્ય પૂ. સંતો તથા લાભ લેતા ભક્તજનો. ૪/૫/૬/૭. છાવણી દરમ્યાન દરરોજ સંધ્યાઆરતી, સ્તુતિપ્રાર્થના, માનસીપૂજા વગેરેમાં પૂ. સંતો-ભક્તો. ૮/૯. છાવણીના એક સત્રના વિરામને અંતે શ્રી સ્વામિનારાયણ બાગના રમણીય માર્ગથી પસાર થઈને ભોજનાલયમાં મહાપ્રસાદ કરવા જતા છાવણીમાં પધારેલ ભક્તજનો. ૧૦/૧૧/૧૨. છાવણી દરમ્યાન શ્રી વચનામૃત વિવેચન, શ્રી પુરુષોત્તમપ્રકાશ, કીર્તન વિવેચન વગેરે કથા-વાર્તાનો લાભ લેતા છાવણીમાં પધારેલ દેશ-વિદેશના હજારો હરિભક્તો.



શ્રી સ્વા. મંદિર - ઠાંસા (તા. ગારિયાધાર)



કથા પારાયણ - ઠાંસા (તા. ગારિયાધાર)



કથા પારાયણ - ઠાંસા (તા. ગારિયાધાર)



શ્રી સ્વા. મંદિર - મોડા (જી. જામનગર)



સત્સંગ સભા - સરપદડ (જી. રાજકોટ)



સત્સંગ શિબિર - ખોપાળા (તા. ગઢડા)



સત્સંગ શિબિર - ખોપાળા (તા. ગઢડા)



કથા પારાયણ - દરબારગઢ, ગઢપુર



કથા પારાયણ - દરબારગઢ, ગઢપુર



દિવ્ય સત્સંગ સભા - અમરેલી



પ્રતિષ્ઠા મહોત્સવ - ચાંપાથળ (તા. અમરેલી)



પ્રતિષ્ઠા મહોત્સવ - ચાંપાથળ (તા. અમરેલી)

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૪, અંક :- ૫, તા. ૨૦-૧૧-૦૮

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર
સરધાર

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com




## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે, માથે પાણો લઈને સમુદ્રને તરવા ઈચ્છે એવો જાણવો ને તેને ચાંડાળ જેવો જાણવો..." - **વચનામૃત મધ્ય પ્રકરણ : ૩૫**

"ભગવાનનાં અવતાર તો પોતાનાં એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એજ મરણ છે." - **વચનામૃત મધ્ય પ્રકરણ : ૪૬**

"...જ્ઞાન અને વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિ તો અતિ દુર્લભ છે..." - **વચનામૃત મધ્ય પ્રકરણ : ૧૦**

"...આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ધર્મ તેતો ભગવાનની ભક્તિનાં સહાયરુપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભક્તિ હોય તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિકથકી ભક્તિને વિશે વિશેષ છે..." - **વચનામૃત મધ્ય પ્રકરણ : ૩૨**

"..માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે, અને તેને જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ એ ન હોય તોપણ એ સર્વે આવે છે; માટે એ સાધન સર્વમાં મોટું છે..." - **વચનામૃત લોયા પ્રકરણ : ૧૬**

## :: અનુક્રમણિકા ::


૧ રજત જયંતિ વર્ષ કોટિ કોટિ વંદન... ૦૬
- સંકલિત

૨ જગતવંદ્ય માતાપિતા શ્રી ભક્તિ-ધર્મને કોટિ કોટિ પ્રણામ... ૦૮
- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ ધર્મદેવ જેવા શાસ્ત્રપ્રેમી પિતા આજે ક્યાં મળે ? ૨૨
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ શ્રીજીમહારાજનું નિર્માનીપણું... ૨૪
- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ નૂતન વર્ષના નવલા પ્રકાશનો... આજે જ આપ માણો... ૨૮
- સંકલિત

૬ ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ... ૩૦
- સંકલિત

૭ સત્સંગ સમાચાર... ૩૨
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર




ચલે ગજ બૈઠકે મહારાજા... (શોભાયાત્રા સુરત)

પિતા ધર્મદેવના ૨૭૦માં અને માતા ભક્તિદેવીના ૨૬૮માં વર્ષની પ્રાગટ્યતિથિએ
પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વાધિક પ્રીતિપાત્ર

# જગતવંદ્ય માતાપિતા શ્રી ભક્તિ-ધર્મને કોટિ કોટિ પ્રણામ...

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



જેને ઘેરે સ્વયં અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ જન્મને ધારણ કરે, જે સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સમગ્ર બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એકવાર જ પધારે છે. આ બ્રહ્માંડના અધિપતિ વિરાટનારાયણે પોતાની અડધી આયુષ્ય અને દોઢ પહોર પ્રાર્થના જ્યારે કરી ત્યારે સ્વયં સર્વકારણના કારણ, અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પરમાત્માએ આપણા જેવા અનંત જીવોનો ઉદ્ધાર કરવા, આત્યંતિક કલ્યાણનો માર્ગ પ્રસ્થાપિત કરવા પધાર્યા ત્યારે એ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણે જેને માતા-પિતા તરીકે નિમિત્ત બનાવ્યા, જેને ભગવાન શ્રી સ્વામિનારાયણના માતા-પિતા બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે એવા શ્રી ધર્મદેવ - શ્રી ભક્તિમાતા એ કેટલા મહાન પુણ્યવાન ભાગ્યશાળી ગણાય ? આજે પિતા ધર્મદેવના જન્મનું ૨૭૦મું વર્ષ -૨૭૦મો જન્મદિવસ (કારતક સુદ - ૧૧) અને માતા ભક્તિદેવીનો ૨૬૮મો પ્રાગટ્યદિન (કારતક સુદ - ૧૫) હોય ત્યારે બંનેના જીવન ઉપર આપણે આ પ્રસ્તુત લેખમાળામાં કિંચિત્ પ્રકાશ પાથરીશું કે એવું તો શું એમના જીવનમાં હતું કે જેમના ઘેરે સ્વયં સર્વાવતારીને અવતરવું પડે ! એમના બંનેના જીવનમાં કયા એવા ગુણો હતા કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણને પણ અવતરણમાં મજબુર કર્યા, જેથી કરી મનુષ્ય દેહ ધરી બાળક બન્યા. અને જેમના આંગણે નાની પગલીઓ પાડી. ખરેખર પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીના જીવનને વર્ણવતા આપણે પણ ચોક્કસ વિચારીશું કે આપણામાં શું ખૂટે છે કે આપણા હૃદયરૂપી ઘરમાં પધારવામાં પ્રભુ વિલંબ કરી રહ્યા છે.

## પિતા શ્રી ધર્મદેવનો જન્મ:

જે દેશને યુગોથી વૈદિક સંસ્કૃતિનો આધારસ્તંભ ગણવામાં આવે છે તેવા ભારત દેશના ઉત્તરપ્રદેશ રાજ્યના કોશલ પ્રદેશમાં **'સરવાર'** દેશ આવેલો છે. આ પુણ્યભૂમિમાં પવિત્ર સરયૂ સરિતાના તટે એક સુંદર વન આવેલું છે. ફળ અને ફૂલોના અનેકાનેક વૃક્ષોથી સમૃદ્ધ દેવભૂમિસમા આ વનની નજીક ઈટારપુર ગામછે. જ્યાં બ્રાહ્મણો પ્રાતઃકાળથી વેદોની ઋચાઓનું ગાન કરે છે, યજ્ઞની વેદિમાં

અગ્નિ અખંડ પ્રજ્વલિત રહે છે, જ્યાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શૂદ્રો પોતપોતાના ધર્મમાં પ્રવૃત્ત રહે છે એવા આ પવિત્ર ગામમાં ભક્તિમાર્ગમાં પ્રવર્તેલા સ્વધર્મનિષ્ઠ સરવરિયા વિપ્રોમાં **બાંસી** શહેરના શિરનેત્ર (સૂરનેત્ર) રાજાના પરમ આદરણીય પાંડે **કન્હીરામ વિપ્ર** રહેતા હતા. તેમના પિતા **વેદમાન શર્મા** અને પિતામહ (દાદા) **વંશીધર શર્મા** વિદ્વત્તામાં ખૂબ પ્રખ્યાત હતા. કન્હીરામકેટલોક સમય પૂરતા **મેહદાવપુર**ના નગરપતિના નિમંત્રણથી ત્યાં રહેવા માટે ગયા હતા. તેમને ઘેરે બ્રહ્માના અંશ સમાન બાલશર્મા નામના પુત્રે જન્મ ધારણ કર્યો. સમય જતા તેઓ **ઈટાર** ગામે રહેવા આવ્યા, તેઓ ઈટારના પાંડે કહેવાતા. તેમને આ ઈટારગામ **શિરનેત્ર રાજા**એ પુત્ર બાલશર્માની વિદ્વત્તાથી પ્રભાવિત થઈ ભેટમાં આપ્યું હતું. વેદ તથા અન્ય શાસ્ત્રોમાં પ્રવિણ પિતા કન્હીરામ અને પુત્ર બાલશર્મા બંનેની વિદ્વત્તાથી આ ગામનું ગૌરવ ખૂબ વધ્યું હતું.



પુત્ર બાલશર્મા યોગ્ય ઉંમરના થતા તેમના લગ્ન ભાગ્યવતી દેવીની સાથે થયા. બંને પવિત્ર દંપતિના ઘેર સમય જતા પ્રભુકૃપાથી વિ.સં. ૧૭૯૬ના કાર્તિક સુદ એકાદશી (તા. ૧૧-૧૧-૧૭૩૯)ના પવિત્ર દિવસે મધ્યાહ્ને એક પુત્રનો જન્મ થયો.

**'ભાર્યા ભલી ભાગ્યવતી સુનામ, તે દંપતિ વાસ ઈટાર ગામ;**
**ત્યાં દેવશર્મા પ્રસવ્યો સુપુત્ર, જે ધર્મનો છે અવતાર અત્ર.**
**શ્રી વિક્રમાદિત્યનું વર્ષ જાણો, શાસ્ત્રાંક વારેન્દુ ગણી પ્રમાણો;**
**પ્રબોધનીને દિન જન્મ પામ્યા, ઉત્સાહ જેથી જન મધ્ય જામ્યા.'**

(શ્રીહરિલીલામૃત : ૨/૧/૩૩-૩૪)

આ પુત્રની દેવસમાન કાંતિ હોવાથી તેમનું નામ **દેવશર્મા** પાડ્યું. પિતા બાલશર્માએ પુત્રના જાતકર્મ આદિ સંસ્કારો કર્યા. ધર્મના અંકુરોથી અંકિત આ બાળકના જન્મથી ઈટાર ગામમાં આનંદ મંગળ વર્તવા લાગ્યા. ધીરગંભીર પ્રકૃતિના આ બાળકની સ્વસ્થતા સૌને મુગ્ધ કરી દેતી હતી.

**'પુત્રના લક્ષણો પારણામાંથી પરખાય'** એ ન્યાયે બાળપણથી જ શીત-ઉષ્ણ અને ભૂખનું દુ:ખ સહન કરતા આવી સાહજીક સહનશીલતાથી પિતા બાલશર્માને લાગ્યું કે આ કોઈ મોટા યોગી મારે ઘેર અવતર્યા છે. આ દેવશર્મામાં ધર્મનો અંશ ખૂબજ પ્રધાન હોવાથી લોકો તેમને **'ધર્મદેવ'**ના નામે ઓળખવા લાગ્યા. લોકોને પણ નક્કી થયું કે 'આ અમારા પુરમાં સાક્ષાત્ ધર્મે જ અવતારને ધારણ કર્યો છે.'

**ધર્મદેવની વંશાવલી** ચડતા ક્રમમાં ગોઠવીએ તો ધર્મદેવ - બાલશર્મા - કન્હીરામ- વેદમાન - વંશીધર - લક્ષ્મણશર્મા - ગંગાપ્રસાદ - ધરણીધર - રામપ્રસાદ વગેરે મહાન ધર્માત્માઓ તેમના આદિ પિતાઓ હતા. ધર્મદેવનો વેદ **'સામવેદ'** હતો. તેઓની શાખા **'કૌથુમી'**, ગોત્ર **'સાવર્ણી'** હતું. ત્રણ પ્રવર ઋષિઓ **'ભાર્ગવ - વૈતહવ્ય અને સાવેતસ'** હતા. ધર્મદેવને આઠમે વર્ષે યજ્ઞોપવિત સંસ્કાર કર્યો હતો. ત્યારથી તેમણે બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશ કર્યો, આ આશ્રમને અનુરૂપ થવા પંચકેશ વધાર્યા. બ્રહ્મચર્ય પાલનમાં

સજાગ રહી માત્ર પાંચ જ વર્ષમાં સમગ્ર વેદ-વેદાંતમાં પારંગત બન્યા. તે જોઈ બધા લોકો આ પુત્રને પ્રભુનો પ્રસાદ સમજતા. પ્રભુકૃપા વિના આવું તેજ આ ઉંમરે ન હોય તેવું વિચારી દેવશર્માને લોકો **'હરિપ્રસાદ'** નામથી પણ બોલાવતા થયા.

## માતા શ્રી ભક્તિદેવીનો જન્મઃ

એજ સરવાર દેશમાં પવિત્ર અયોધ્યાનગરી પાસે મનને આનંદ પમાડનારી **મનોરમા** નદી વહે છે. ત્યાં મખોડા નામનું પુરાતની તીર્થ આવેલું છે. આ તીર્થની ઉત્તર દિશે **છપૈયાપુર** ગામ આવેલું છે. આ છપૈયાપુરની આજુબાજુ પ્રકૃતિએ પોતાની સર્વ સુંદરતાને પાથરી દીધી છે. આ પુરની દક્ષિણ દિશાએ ફળ અને ફૂલોથી સમૃદ્ધ બગિહા અને ચૂડવા વન આવેલા છે. આ પુરની વચ્ચે **નારાયણ સરોવર** નામનું સુંદર સરોવર આવેલું છે. જેની ચારેબાજુ કિલકિલ કરતા પક્ષીઓ વાતાવરણમાં જામેલા મધુર સંગીતને વાચા આપતા હોય છે. આ છપૈયાપુર એટલે સ્વયં સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણની બાળચરિત્ર લીલાભૂમિનું પ્રાંગણ બનવા સર્જાયેલું આ નાનકડું ગામ, જે આજે તેમની વિભૂતિ બનીને અત્યંત શોભી રહ્યું છે.

આ પરમ પવિત્ર પુરમાં શીલવાન અને સંતોષી વિપ્ર **કૃષ્ણશર્મા** નામના પવિત્ર બ્રાહ્મણ હતા. આ કૃષ્ણશર્મામાં બ્રાહ્મણત્વનું ગૌરવ હતું. તેમને **ભવાનીદેવી** નામના કૃષ્ણ ભક્તિમાં અખંડ રત રહેતા એવા પતિવ્રતા ધર્મપત્ની હતા. તે પવિત્ર દંપતિના ઘેર ઉત્સવોની પરંપરા સતત ચાલ્યા કરતી. જેથી કરી સમગ્ર ગામ લોકોને પણ ભક્તિનો રંગ ચડી ગયો હતો. તેમના પટાંગણમાં વ્રજભૂમિની પવિત્રતા સદૈવ અનુભવાતી હતી. પ્રસંગે પ્રસંગે ઉજવાતા ઉત્સવોથી સ્વયં ભગવાનને પણ અહીં પ્રગટ થઈ જવાનું જાણે મન થઈ જતું હોય તેમ સૌ કોઈને લાગતું.

આવા સુસંસ્કારી અને ભક્તિનિષ્ઠ દંપતિને ત્યાં વિ.સં. ૧૭૯૮ના કાર્તિક સુદ પૂનમ(તા. ૨૨-૧૧-૧૭૪૧ બુધવાર)ના શુભ દિવસે ચંદ્રોદયના સમયે કૃત્તિકા નક્ષત્રમાં કૃષ્ણશર્મા અને ભવાનીદેવીના ઘેર પુત્રીનો જન્મ થયો.

**'અવતાર થયો પછી**
**ભક્તિ તણો,**
**જનને મન મોદ વધ્યો જ ઘણો;**
**વળી તે તણી વાત વિશેષ સહી,**
**તમપાસ ઉચ્ચારીશ તેહ અહીં.**
**તમપાસ ઉચ્ચારીશ તેહ અહીં.**
**અઠાણુની કાર્તિક પૂર્ણમાસી,**
**તેની સુતા થૈ શુભ રૂપરાશી;**
**સંધ્યાસમે તે શુભ જન્મ ધારી,**
**મોટી થઈ વર્ષ જતાં કુમારી.'**

(શ્રીહરિલીલામૃત : ૨/૧)

દેવાંગના સમાન આ બાળકીની કાંતિ જોઈ માત-પિતાને અતિ હર્ષ થયો. જ્યોતિષીને તેડાવી જન્મ લગ્ન - શુભગ્રહો જોવડાવી નામ સંસ્કરણ કર્યું. જ્યોતિષીઓએ પુત્રીના ગુણ કહ્યા. આ પુત્રી કોઈ સામાન્ય મનુષ્ય નહિ પણ દેવી છે. મોટા ભાગ્ય વિના આવી પુત્રીનો જન્મ થાય નહિ. આ કન્યારૂપ દેવી ભગવાનની ભક્તિમાં અતિ પ્રીતિવાળા થશે. તેમનું નામ **'બાળાદેવી'** રાખજો. આ પુત્રી બાળપણથી જ ભક્તિમાં રત રહેશે તેથી લોકો તેમને 'ભક્તિ' નામથી પણ બોલાવશે.

કૃષ્ણશર્મા આ સાંભળી પ્રસન્ન થઈ જ્યોતીષી વિપ્રનું બહુમાન કરી અનેક પ્રકારના દાન દીધા. માતા-પિતામાં રહેલા ભક્તિના સુસંસ્કારો દિકરી ભક્તિદેવીમાં ઉતરી આવ્યા હતા. માતા-પિતા અતિ પ્રેમથી પુત્રીનું પાલન કરવા લાગ્યા. પુત્રી જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ દેવહૂતિ સમાન શુભગુણો અને લક્ષણો ધરાવતા થયા. અને કૃષ્ણભક્તિના પ્રવાહમાં પ્રેમાસક્ત બનેલી પુત્રી બાલાને લોકો **'પ્રેમવતી'** નામથી પણ પુકારવા લાગ્યા.

## શ્રી ધર્મ-ભક્તિનો લગ્નોત્સવ :

બાલશર્માના પુત્ર દેવશર્મા (ધર્મદેવ) અભ્યાસ કરી વિદ્વત્તાને પ્રાપ્ત કરી કિશોર અવસ્થાએ પહોંચ્યા ત્યારે કૃષ્ણશર્માના પુત્રી બાલા (ભક્તિ) તે પણ કિશોર અવસ્થાએ પહોંચ્યા. ત્યારે બંને પક્ષે યોગ્ય વ્યક્તિની શોધ શરૂ થઈ. બાલશર્મા યોગ્ય કન્યાને શોધે છે તો કૃષ્ણશર્મા યોગ્ય મૂરતિયાને શોધે છે. ભગવાનની ઈચ્છા સમજો કે દૈવયોગે બંનેનું મિલન થયું. બંનેના લગ્નનું નક્કી થયું. વિવાહના દિવસો નજીક આવ્યા. કૃષ્ણ શર્માએ વિવાહપત્રિકા લઈ એક વિપ્રને ઈટારપુર મોકલ્યો.

ઈટારપુરથી જાન આવી, વર પોંખાયા અને લગ્નનાં મંગલ ગીત ગવાયાં. ધર્મ અને ભક્તિ લગ્નગ્રંથિથી જોડાયાં. આજનો દિવસ ધન્ય બની ગયો. કારણ કે ભવિષ્ય ઈતિહાસ આગળ જતા અદ્‌ભુત રચાવાનો છે.

## શ્રી ધર્મ-ભક્તિનું દાંપત્યજીવન :

નવદંપતિ જોડ ખૂબ શોભતી હતી. જાન બે દિવસ રોકાઈ ત્રીજે દિવસે જાનને વળાવવાનો સમય થયો અને કૃષ્ણશર્મા ભારે હૈયે બાલશર્મા પાસે આવ્યા. પુત્રીના પરિયાણથી સહેજે અનુભવાતા વિરહના દુ:ખને બાલશર્મા સમજી ગયા. તેમણે તેમને ધીરજ આપી.

કૃષ્ણશર્માએ ભારે હૈયે કહ્યું : "બાલશર્મા ! એક વચન માગું ?"

આ પ્રસંગ બાલશર્માથી ના કહેવાય એવું હતું જ નહિ.


તેમણે કહ્યું : "જરૂર."

ત્યારે કૃષ્ણશર્માએ કહ્યું : "શર્માજી ! આ તમારા પુત્ર અને મારા જમાઈ દેવશર્મા અહીં મારી પાસે જ રહે."



બદિકાશ્રમની સભામાં ધર્મ-ભક્તિ

આ સાંભળી બાલશર્માને વજ્રપાત-આઘાત થયો. તેમણે આવું નહોતું ધાર્યું. તેઓ ઊંડા ઊતરી ગયા. થોડી વારે સ્વસ્થ થયા ત્યારે તેમણે વિચાર્યું, 'છપૈયાપુરમાં કૃષ્ણશર્માને સાથ આપે એવા પુરુષની તેમને જરૂર છે જ. જામાતા એ પુત્ર સમાન જ કહેવાય. તેમના સાથથી કૃષ્ણશર્માને ઓથ મળશે. છપૈયામાં તેમની જોડ સામે કોઈ ચેડા કરી શકશે નહિ.' બાલશર્માએ તરત જ કહ્યું : "ભલે, કૃષ્ણશર્મા ! દેવ અહીં જ રહેશે. પુત્રની જેમતેને પાળજો. છપૈયાપુરમાં તમારી જોડ અજોડ રહેશે."



ધર્મ-ભક્તિનો લગ્નોત્સવ

આ રીતે દેવશર્મા અર્થાત્ ધર્મદેવ છપૈયાપુરમાં જ રહ્યા. છપૈયા ધન્ય ધન્ય બની ગયું ! પુત્ર અને પુત્રવધુને બાલશર્માએ આશીર્વાદ દીધા : "સદા સુખી રહો. કુળના ધર્મનું પાલન કરો."

એમ કહીને ભક્તિદેવીને કહ્યું : "આગળ અરુંધતી, અનસૂયા, સાવિત્રી, દ્રૌપદી, લોપામુદ્રા, અહલ્યા, શતરૂપા, મેના વગેરે સતીસ્ત્રીઓ થઈ ગઈ. તેમના જેવો પતિ વિષે તમોને પ્રેમ થાઓ. પતિવ્રતાના ધર્મોનું દૃઢ પાલન કરજો. સ્ત્રી ધર્મનું આચરણ યથાર્થ કરજો. વિપત્તિમાં આપણા કુળદેવતા મરુત્સુત હનુમાનજીને સંભારજો, તે તમારી સર્વ સંકટ થકી રક્ષા કરશે."

એ પ્રમાણે આશીર્વાદ આપી પુત્ર તરફ ગતિ કરી. પુત્રથી છૂટા પડવાનું મન થતું ન હતું. તેમના પગ સ્થિર થઈ ગયા. છેવટે પુત્રને છાતી સરસા ચાંપીને કહ્યું : "બેટા ! બ્રહ્મકર્મ સદાય રાખજો. ભક્તિદેવીનું પાલન કરજો. વિકટ સંજોગોમાં પણ તેમનો કદી ત્યાગ કરશો નહિ." એટલી છેલ્લી શીખ આપીને પોતે તરત જ જાનના માણસો સાથે ત્યાંથી ઈટારપુર જવા ચાલી નીકળ્યા.



ધર્મ-ભક્તિને ઉપદેશ આપતા બાલશર્મા

ધર્મ અને ભક્તિ છપૈયાપુરમાં ગૃહસ્થ જીવન આશ્રમ ધર્મ પ્રમાણે વ્યતીત કરવા લાગ્યા. થોડા સમય બાદ કૃષ્ણશર્મા ધામમાં ગયા અને ઈટારપુરથી બાલશર્મા પણ ધામમાં ગયાના સમાચાર આવ્યા. કુટુંબમાં હવે કોઈ સહારો ન હતો. પરંતુ ભગવાનનો સહારો હતો એટલે દંપતીના દિવસો ભક્તિભાવમાં પસાર થતા હતા.

## રામપ્રતાપભાઈનો જન્મ:

સમય જતા સં. ૧૮૧૮ ને શ્રાવણ સુદ આઠમ(તા. ૨૮-૭-૧૭૬૨)ના દિવસે તેમને પ્રથમ

પુત્રનો જન્મ થયો. આજાનબાહુ, પુષ્ટ અને તેજસ્વી કાયા જોઈ રામજીના પ્રતાપથી આ પુત્રની પ્રાપ્તિ થઈ છે તેથી પુત્રનું નામ 'રામપ્રતાપ' પાડ્યું. જેમ જેમ બાળક મોટો થતો ગયો, તેમ તેમ તેની કાયાનું જોર જણાવા લાગ્યું. ધરતી ધ્રુજાવતી તેમની ચાલ, આકાશ આંબવા બાથોડિયા મારતી તેમની રમતો, સાધારણ માનવીમાં લાગતું તેમનું આવું અસાધારણ વ્યક્તિત્વ અને સૌને આકર્ષવાની કળા જોઈ લોકો તેમને સંકર્ષણની ઉપમા આપવા લાગ્યા. એ સાચું પણ હતું. જ્યારે ભગવાન પ્રગટ થવાના હોય, ત્યારે ભગવાનની વિભૂતિઓ પણ ભગવાનની લીલાનાં દર્શન કરવા, તેમની સેવા અને પરિચર્યા કરવા, સાથે જન્મધરે જ; પરંતુ જ્ઞાનવાનને જ તેમની ઓળખાણ થાય.

આ દૈવી સત્ત્વો પૃથ્વી ઉપર અવતરવા લાગ્યા, તેમ અસુરો પણ તેમને ત્રાસ દેવા પૃથ્વી ઉપર જન્મ લેવા લાગ્યા. દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ અનાદિ કાળથી છે જ, પરંતુ ભગવાન પ્રગટે ત્યારે તે વધુ પ્રબળ બને.

ધર્મ અને ભક્તિનું નિર્મળ અને ભક્તિમય જીવન જોઈ આસુર ભાવવાળાઓએ તેમને પરેશાન કરવાના પ્રયત્નો આદર્યા. ધર્મ અને ભક્તિ ગુણવાન હતાં, ભક્તિભાવવાળાં હતાં, શીલ અને સંતોષે યુક્ત હતાં પરંતુ લોકોમાં આસુરી ભાવનાનો પ્રવેશ થયો હતો તેથી તેમનામાં તેમને દોષ દેખાવા લાગ્યા. તેમનું નિર્મળ દાંપત્ય જીવન લોકોની ઈર્ષ્યાનું કારણ બન્યું. તેમને હેરાન કરવાની ભાવના રોજ ને રોજ વધતી ગઈ. વાતાવરણ કલુષિત બની ગયું. આવા આસુરી તત્ત્વોનો પ્રતિકાર અર્થાત્ ઝનૂનભેર સામનો કરવાનો ધર્મ અને ભક્તિનો સ્વભાવ ન હોવાથી તેઓએ જન્મ સિદ્ધ ધૈર્યથી સર્વ કષ્ટ સહન જ કર્યું. ધર્મદેવની આજીવિકા તૂટી. છપૈયામાં રહેવું મુશ્કેલ બની ગયું. દંપતી પોતાના પુત્રને લઈને અયોધ્યા આવ્યાં. અહીં અયોધ્યાના શાખાનગર બરહટ્ટાપુરમાં આવી તેઓ રહ્યાં. પરંતુ અસુરોના હાથ લાંબા હતા. તેમણે તે અહીં સુધી પ્રસાર્યા. આ ત્રાસથી કંટાળી રામપ્રતાપને પોતાના સંબંધીને ત્યાં મૂકીને ધર્મ અને ભક્તિ અયોધ્યામાંથી નીકળી ભગવાન શિવની નગરી કાશીપુરીમાં આવ્યાં.

### કાશીપુરીમાં કષ્ટ નિવારણનો ઉપાય :

અહીં શિવભક્તોએ તેમને તેમના દુઃખનું નિવારણ કરવા મહારુદ્ર કરવાનું કહ્યું. તેમણે મહારુદ્ર કરાવ્યો છતાં તેમના ઉપદ્રવની વિષમતા ઓછી થઈ નહિ. થોડા માસ કાશીપુરીમાં રહી તેઓ પ્રયાગ ગયાં. અહીં ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. વ્રતનો ઉપવાસ કર્યો. તપથી શરીર તો ક્ષીણ થયું જ હતું, છતાં ભગવાનને પ્રસન્ન કરવાનું તપ એ એક જ સાધન છે. તેથી દેહનો અનાદર રાખી વ્રત-ઉપવાસ કરવા લાગ્યાં. આ શુભ કાર્યના ફળરૂપે તેમને વૈષ્ણવાચાર્યનો યોગ થયો.

### પ્રયાગરાજમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનો મેળાપ :

ધર્મ અને ભક્તિ પોતાના ઉતારે ભગવાનનાં લીલાચરિત્રો ગાવામાં તલ્લીન હતાં. એટલામાં એક બહુ જ તેજસ્વી અને સૌમ્ય સ્વરૂપધારી વૈષ્ણવ આચાર્યનાં તેમને દર્શન થયાં. તેમની પ્રતિભાથી સહેજે તેઓ આકર્ષાયાં. તરત તેમનાં દર્શન કરવા દોડ્યાં. દંપતીનો મુમુક્ષુભાવ નિહાળી વૈષ્ણવાચાર્યે તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "અમારા આશ્રમમાં કૃષ્ણકીર્તન થાય છે. આપ જરૂર પધારજો."



વૈષ્ણવાચાર્યના કપાળમાં ઊર્ધ્વપુંડ્રતિલક હતું. શરીર ગૌર હતું. આજાનબાહુ હતા. ચંદ્રની શીતળતા જેવી શરીરની સૌમ્ય કાંતિ હતી.

ધર્મદેવે તેમને પૂછ્યું : "મહારાજ ! આપનું શુભ નામ?"

તરત જ તેમણે હસીને ઉત્તર આપ્યો :

"મારું નામ રામાનંદ છે. અમે અહીં નજીકમાં જ સૌ ભેગા મળીને કૃષ્ણકથા કરીએ છીએ. તમે પણ જરૂર આવજો." એટલું કહી ફરી આશીર્વાદ આપી રામાનંદ સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા.

ધર્મ અને ભક્તિના અંતરમાં આશીર્વાદથી શાંતિ થઈ ગઈ. અસુરોના ઉપદ્રવનું દુઃખ ઓસરી ગયું. ભક્તિદેવીએ ધર્મદેવને કહ્યું : "કેવા સૌમ્ય અને કેવા સ્થિરવૃત્તિવાળા હતા! તેમણે મારા તરફ દૃષ્ટિ માંડીને જોયું પણ નહિ."

ધર્મદેવે કહ્યું : "બ્રહ્મચારીનો એ જ ધર્મ છે. સ્ત્રીઓ તરફ દૃષ્ટિ કરીને કદી ન જુએ, સંભાષણ પણ ન કરે. જ્યાં બ્રહ્મચર્ય હોય, ત્યાં ભગવાન હોય જ. દેવી ! આજ આપણું મંગળ થયું, આપણો દિનમાન હવે સુધરશે."

પછી તેઓ પોતાને સ્થાને ગયાં.

### ધર્મ-ભક્તિને સ્વપ્નમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના દર્શન :

રામાનંદ સ્વામીના સમાગમમાટે તેઓ રોજ જવા લાગ્યાં. અંતરમાં જે ઉપદ્રવનું દુઃખ હતું તે દૂર થયું. એક દિવસ રામાનંદ સ્વામી વાત કરતા હતા. ધર્મદેવ તેમના પગ દાબતા હતા. એટલામાં રામાનંદ સ્વામી સૂઈ ગયા. ધર્મદેવ પણ થાકને લઈને તેમનાં ચરણમાં ઢળી પડ્યા. ભક્તિદેવી પણ એ જ સ્થિતિમાં નિદ્રાવશ થઈ ગયાં. સત્સમાગમના ફળરૂપે પ્રેરેલું સ્વપ્નદર્શન તે દંપતીને થયું. તેમને ગોલોકવિહારી શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. ધર્મ-ભક્તિને અત્યંત આનંદ થયો. તેઓ જાગ્યાં. બંનેએ એકબીજાને પોતાના સ્વપ્નની વાત કરી. રામાનંદ સ્વામીની કૃપાથી આ દિવ્ય દર્શન તેમને થયું. તેથી તેમણે રામાનંદ સ્વામીને મનોમન ગુરુ તરીકે સ્વીકારી લીધા. એટલામાં સ્વામી જાગ્રત થયા. દંપતીએ તેમને સ્વપ્નની હકીકત કહી. પછી પ્રાર્થના કરી : "સ્વામી ! આપ હવે અમને ગુરુમંત્ર આપો."

શ્રીરામાનંદ સ્વામીએ મુમુક્ષુ ધર્મદેવને તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરાવી અને પછી તેમને આઠ અક્ષરો છે જેમાં એવા શ્રીકૃષ્ણ પરમાત્માના બંને અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. શ્રીરામાનંદ સ્વામીએ પ્રથમ વૈષ્ણવધર્મની સિદ્ધિ કરાવનાર મંત્રનો ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **श्रीकृष्ण** અને **त्वम्** પદ અનુક્રમથી પ્રથમ પ્રાપ્ત થાય છે, તથા **गतिः** એ પદ મધ્યમાં અને **मम** એ બે મકાર અંતમાં આવે છે તેવા, વૈષ્ણવ પણાની સિદ્ધિ કરાવનાર '**श्रीकृष्ण त्वं गतिर्मम**' એ મંત્રનો રામાનંદ સ્વામીએ ધર્મદેવને ઉપદેશ કર્યો.


ત્યારબાદ સમગ્ર મનોરથોને પૂર્ણ કરનાર મહામંત્રનો પણ ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે **ब्रह्माहं** એ પદ પ્રથમ પ્રાપ્ત થાય છે અને તે પછી **दा** પદ જેના અંતમાં રહેલું છે એવું **कृष्ण** પદ પ્રાપ્ત થાય છે અને તે પછી **सोऽस्मि** પદ જેનાં અંતમાં આવેલું છે. આ પ્રકારે ઈચ્છિત ફળને આપનાર '**ब्रह्माहं कृष्णदासोऽस्मि**' આ મહામંત્રનો ઉપદેશ કર્યો. પ્રથમ શરણમંત્ર ત્રૈવર્ણિક, સત્શૂદ્રો અને તેમની સ્ત્રીઓ વગેરે સર્વકોઈને સામાન્ય દીક્ષા માટે યોગ્ય હોવાથી **સામાન્ય મંત્ર** કહેવાય છે. બીજો મંત્ર મહામંત્ર કહેવાય છે. અને તે મંત્રનો ઉપદેશ કરવામાં મહાદીક્ષાના અધિકારી મનુષ્યોને જ આપવા યોગ્ય અસાધારણપણું હોવાથી તેને **વિશેષ મંત્ર** પણ કહેવાય છે. (અહીં બંને મંત્રો સાક્ષાત્ નહિ કહેતાં તે યુક્ત્યન્તરથી કહ્યા છે. તેનું પ્રયોજન એ છે કે શાસ્ત્રમાં તે મંત્રો ગોપ્ય પણે કહેલા છે. આ મંત્રો સદ્‌ગુરુ (આચાર્ય) થકી જ યથાવિધિ પ્રાપ્ત કરી જપવાથી અભીષ્ટ ફળ આપનારા થાય છે એમજાણવું.)

મંત્રનો ઉપદેશ આપી શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને મુમુક્ષુ જીવાત્માઓએ પાલન કરવા યોગ્ય સદ્ધર્મનો ઉપદેશ આપ્યો. જે ધર્મના પાલનથી મનુષ્ય આ લોક તથા પરલોકને વિષે પૂજનીય બને છે.





ધર્મદેવ દ્વારા હનુમાનગઢીએ પ્રાર્થના



અયોધ્યામાં અસુરોનો ત્રાસ

પછી ધર્મદેવે રામાનંદ સ્વામીને કહ્યું : "આપની જ કૃપાથી અમને શ્રીકૃષ્ણનું દર્શન થયું છે. આપ અમારા ગુરુ છો. આપનું વૃત્તાંત જાણવાની અમને ઈચ્છા થઈ છે, તો આપ કૃપા કરીને કહો." ત્યારે રામાનંદ સ્વામીએ પોતાનું વૃત્તાંત કહ્યું.

પછી ધર્મ-ભક્તિ ગુરુ રામાનંદ સ્વામીના આશિષ લઈ ફરી પાછા છપૈયા આવ્યા. પુત્ર રામપ્રતાપના યજ્ઞોપવીતનો ઉત્સવ કર્યો. આ જોઈ અસુરોએ ફરી ધર્મ-ભક્તિને ત્રાસ આપવા લાગ્યા. તેથી ધર્મ-ભક્તિ સહકુટુંબ-પરિવાર સાથે છપૈયાથી અયોધ્યા ગયા.

### અયોધ્યામાં ધર્મદેવ અને ભક્તિદેવીને અસુરોનો ત્રાસ :

અહીં પણ અસુરોના ત્રાસથી ત્રસ્ત થયેલા ધર્મદેવે પોતાના કુળદેવ સમીરસુતનું સ્મરણ કર્યું. હનુમાનગઢીએ જઈ હનુમાનજીનું સ્તવન અને જાપ કરવા લાગ્યા :

'नमस्त आञ्जनेयाय वायुपुत्राय धीमते ।
रामदूताय महते सुग्रीवसचिवाय च ॥
नमोऽस्तु ते महावीर ! महाबलपराक्रम!।
वैरिभीषणरूपाय रावणत्रासदायिने ॥
नमो हरावताराय शिलावृक्षायुधाय च ।
रक्षःसैन्यविमर्दाय नमस्तुभ्यं यशस्विने॥
नमो हनुमते तुभ्यं लङ्कानगरदाहिने ।
दशग्रीवसुतघ्नाय सीताशोकविनाशिने ॥
नमोऽस्तु ते महायोगिन्सदा शुद्धान्तरात्मने ।
सीतारामातिहृद्याय नमस्ते चिरजीविने ॥
नमः कपीन्द्र ! ते नित्यं सर्वरोगविनाशिने ।
भूतप्रेतपिशाचादिभयविद्रावणाभिध! ॥
नमस्तुभ्यं रामभद्रपुरुप्रेष्ठाय भूयसे ।
नमोऽतिस्थूलरूपाय सूक्ष्मरूपधराय च ॥
नमोऽखिलभयघ्नाय निर्भयाय महात्मने ।
बालार्कद्युतिदेहाय मुष्टिप्रहरणाय च ॥
नमो लङ्केश्वरोद्यान-भङ्गवित्रासितास्त्रप ! ।
रामनामानुरक्ताय लक्ष्मणप्राणदाय ते ॥
नमस्ते विश्ववन्द्याय विजयाय वरीयसे ।
भक्तसङ्कष्टसंहर्त्रे धर्मनिष्ठाय जिष्णवे ॥
नमो नैष्ठिकवर्याय विजनारण्यवासिने ।
भक्ताभीष्टप्रदात्रे च पाण्डवप्रियकारिणे ॥
नमो धर्मारिनाशाय विमलाय च भास्वते ।
नित्यं रामायणकथाश्रवणोत्सुकचेतसे ॥
नमो धार्मिकसेव्याय ब्रह्मण्याय सुरार्चित ! ।
तुभ्यं बृहद्व्रतप्रेष्ठ ! सर्वपापापहारिणे ॥
नमो दारिद्र्यदुःखघ्न ! मारुते ! बन्धखण्डन ! ।
सुखदाय शरण्याय नमस्ते ऋषिवृत्तये ॥
नमो वरद ! ते नित्यं रामध्यानाद्यनाकुल ! ।
सुखाराध्य ! दुराराध्य ! नमस्ते दिव्यरूपिणे ॥
नमोऽर्कसूनहाराय तुभ्यं मामभयं कुरु ।
दर्शनं देहि साक्षात्ते नमस्ते सर्वदर्शिने ॥'

(શ્રી સત્સંગિજીવન : ૧/૧૭/૩૭-૫૨)

આ રીતે ધર્મદેવની શુદ્ધ ભક્તિ જોઈ અંજનીસુતે તેમને સ્વપ્નમાં દર્શન દીધું. કુળદેવતાના દર્શનથી ધર્મદેવને અંતરમાં શાંતિ થઈ.

અંજનીસુતનું સ્તવન કરતાં ધર્મદેવે કહ્યું : "હવે અસુરોનો ત્રાસ સહન થઈ શકતો નથી. ઘરમાં કાંઈ સંપત્તિ રહી નથી;




ધર્મ-ભક્તિનું વૃંદાવનગમન



વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન

અન્નને ને દાંતને વેર થયું છે. હવે તો તમો સહાય કરો તો જ ઉગરાય તેવું છે.''

હનુમાનજીએ આ સ્તુતિ સાંભળીને કહ્યું : ''મને અત્યાર સુધી કેમ સંભાર્યો નહિ ? તમારું આ દુઃખ હવે થોડા જ દિવસોમાં ટળી જશે. તમો દંપતી અહીંથી વૃંદાવન જાઓ.''

ધર્મદેવ વિમાસણમાં પડ્યાં. ''વૃંદાવન જઈને શું કરવું ?''

ત્યારે હનુમાનજીએ તરત જ કહ્યું : ''ત્યાં વિષ્ણુયાગ કરજો, પ્રભુ સહાય કરશે.''

આ પ્રમાણે આજ્ઞા આપી પવનસુત અંતર્ધાન થઈ ગયા. ધર્મદેવ જાગ્યા. ભક્તિદેવીને જગાડ્યાં અને કહ્યું : ''ચાલો તૈયારી કરો, આપણે આજે જ વૃંદાવન જઈએ. રામપ્રતાપને મોસાળ મૂકી વૃંદાવનની વાટ જલદી લઈએ.''

દંપતીએ નિત્યવિધિ પૂરો કર્યો. રામપ્રતાપને મોસાળમાં મૂક્યા. મામા-મામીને ભલામણ કરી. પછી ધર્મ અને ભક્તિ વૃંદાવનની વાટે ચાલ્યાં. કેટલાક દિવસની મજલ પછી નૈમિષારણ્ય પહોંચ્યા. અહીં થોડા દિવસો રહી આગળ ચાલ્યાં. એક માસે તેઓ વૃંદાવન પહોંચ્યાં. રામાનંદ સ્વામીને અહીં કૃષ્ણદર્શન થયાં હતાં, તે સ્મૃતિ તેમને થઈ આવી. ફૂલદોલમાં ઝૂલતા ભગવાનનાં દર્શન કર્યાં. દોલોત્સવમાં ભાગ લીધો. સર્વ ઉપાધિ જાણે ઓસરી ગઈ હોય એવી અપૂર્વ શાંતિ ધર્મ-ભક્તિને થઈ ગઈ !

### વૃંદાવનમાં વિષ્ણુયાગ અને શ્રીકૃષ્ણ દર્શન :

વૃંદાવનમાં એક પછી એક સ્વજનો મળવા લાગ્યા. જાણે પૂર્વનું હેત હોય, ઓળખાણ હોય તેમ તેમની સાથે અંતર મળતાં તેમનું દુઃખ સાંભળ્યું, પોતાનું દુઃખ પણ તેમની આગળ કહ્યું ! અસુરોના ત્રાસથી ત્રસ્ત થયેલું અંતર હળવું થયું. અહીં વિષ્ણુયાગ કરવાનો સૌએ નિર્ણય કર્યો. કોઈએ ગીતાપાઠ શરૂ કર્યો તો કોઈએ વિષ્ણુસહસ્ર જાપ શરૂ કર્યો, કોઈએ વાસુદેવ માહાત્મ્યની કથા શરૂ કરી. આમ, કૃષ્ણકથામાં દિવસો નિર્ગમન થવા લાગ્યા. અત્યંત શ્રદ્ધા અને એકાગ્રતાથી જપયજ્ઞ ચાલવા લાગ્યો.

સમૂહગાન, કીર્તન, જપથી અને ભક્તોની શ્રદ્ધા ને ભક્તિથી વૈશાખની શુકલ એકાદશી (મોહિની એકાદશી)ના જાગરણ પછી બ્રાહ્મમુહૂર્તમાં સૌનાં અંતરમાં બ્રહ્મતેજ દેખાયું. તે તેજમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં ! આવા દિવ્ય દર્શનથી સૌ દિવ્યાનંદમાં મસ્ત બની ગયા. બે હાથ જોડી સૌ સ્તુતિ કરવા લાગ્યા.

ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ તેમને પ્રસન્ન થઈને કહ્યું : ''તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમને અસુરો તરફથી જે દુઃખ પડ્યું છે તેનું નિવારણ કરવા અને પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવા સ્વયં સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિને ઘેર અવતાર ધારણ કરશે અને તમને સૌને સુખ આપીને પોતાના દિવ્ય ધામમાં ગતિ કરાવશે. માટે કોઈ પ્રકારે તમે હવે ચિંતા ન કરશો. તમારું વ્રત હવે પુરું થયું છે !''

આ પ્રમાણે દર્શન દઈ શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા. ધર્મ, ભક્તિ અને ઋષિમુનિઓ જાણે દુઃખનો ભારેખમ અંચળો સરી ગયો હોય એવા હળવાં થઈને પૂર્વવત્ વિષ્ણુયાગ જપયજ્ઞની સમાપ્તિ કરવા લાગ્યાં.

### વૃંદાવનથી છપૈયા જતાં રસ્તામાં વિઘ્ન :

જપયજ્ઞની સમાપ્તિ કરી સૌએ સવારે પારણાં કર્યાં. કૃષ્ણદર્શનથી અંતરમાં આનંદ સમાતો ન હતો, છતાં આ વાત પ્રકટ પણ કરવાની ન હતી. તેથી અંતરમાં ઊભરાતા આનંદને અંતરમાં જ સમાવી, પારણાં કરી, સૌ પોતપોતાના સ્થળે જવા તૈયારી કરવા લાગ્યા. ધર્મ-ભક્તિને પણ હવે છપૈયા જવા ઉતાવળ હતી. તેઓ



ડરાવતો, માથાની ટાલમાંથી ખોપરી જાણે કોઈએ ખેંચીને કાઢી નાખી હોય તેવા વિકૃત માથાવાળો માનવી - ધર્મની આગળ આવીને ઊભો રહ્યો. ધર્મે તેને જોઈને નમસ્કાર કર્યા. પોતાની નજરે તે જાણે મહાપુરુષ જ હોય એવી દૃષ્ટિવાળા ધર્મદેવને લાગ્યું કે સંકટમાંથી ઉગારવા ભગવાને જ આ સિદ્ધપુરુષને અહીં મોકલ્યા છે.

તે સિદ્ધે ધર્મની સામું જોઈ પૂછ્યું : "તમે સ્ત્રીપુરુષ કોણ છો ?"

પવિત્ર અને સરળ હૃદયી ધર્મદેવે તેને પોતાની તમામ વીતેલી હકીકત કહી. ફાગણ

વૃંદાવનથી નીકળ્યાં.

કેટલાક દિવસે નૈમિષારણ્ય પહોંચ્યાં. સંધ્યા સમય થઈ ગયો હતો. છતાં હમણાં જ બીજે ગામ પહોંચી જઈશું એવી આશાથી સંધ્યા ટાણે જ તેઓ ત્યાંથી નીકળી ગયાં. પણ માર્ગમાં ભૂલાં પડ્યાં. સઘન વનની ઝાડીમાં અંધારું થવાથી અટવાતાં, પડતાં, અથડાતાં ધર્મ અને ભક્તિ એકબીજાનો હાથ પકડી ચાલતાં હતાં, પણ કાંઈ સૂઝતું ન હતું. કાળા ડીબાંગ ઝાડના થડને જોઈ કોઈ પિશાચની આકૃતિ હશે તેમધારી બંને અંતરમાં બીવા લાગ્યાં. વન ઘાટું હતું. અંધારુ પણ ઘોર હતું. રસ્તો હતો જ નહિ એટલે જવું પણ ક્યાં ? વિકરાળ હિંસક પશુઓના અવાજ સાંભળી અંતર ધ્રૂજતું હતું.

મહાભયંકર આ અંધારા વનમાં હિંસક પશુઓની ત્રાડ, ઘવાયેવાં પશુઓની હૃદયદ્રાવક કિકિયારી, ગીધ અને ઘુવડના ભયંકર શબ્દો સાંભળતાં, અથડાતાં, પછડાતાં ધર્મ-ભક્તિ ત્યાંથી આગળ ચાલ્યાં. પગમાં કાંટા વાગ્યાં. ભૂખ અને તૃષાથી શરીર લથડિયાં લેવા લાગ્યું. આગળ ડગ ભરવાની પણ શક્તિ રહી નહિ. છતાં બંને આગળ ચાલવા લાગ્યાં.

એટલામાં એક અઘોરી - બ્રહ્મચારીના વેશવાળો, રુદ્ર જેવી ભયંકર બિહામણી આંખોથી

માસથી વૃંદાવનમાં જઈ વિષ્ણુ-આરાધના કરી અને ભગવાન શ્રીકૃષ્ણે દર્શન દઈ પોતાને ત્યાં પૂર્ણ પુરુષોત્તમ સ્વયં પુત્રરૂપે અવતરશે એવાં એંધાણ આપ્યાં છે - તે તમામ હકીકત ધર્મદેવે ભોળા ભાવે કહી સંભળાવી.

ધર્મદેવની આ હકીકત સાંભળી ગર્જના કરતો તે બોલ્યો : "કૃષ્ણના કપટની વાત મારાથી લેશમાત્ર પણ અજાણી નથી. પાંડવોનો પક્ષ રાખી મારા મિત્ર દુર્યોધનને મરાવ્યો અને મારી સાથે ઘણું જ વેર બાંધ્યું. હું દ્રોણપુત્ર અશ્વત્થામાં છું." એમકહી હાથની મુઠ્ઠીઓ વાળી તે ફરી બોલ્યો :

'स ते पुत्रो न शक्नोतु शस्त्रं धारयितुं क्वचित् ।

विना येन भवेन्नैव निजवैरिविनाशनम् ॥'

(શ્રી સત્સંગિજીવન : ૧/૨૦/૨૭)

હે બ્રાહ્મણ ! હું તેને શાપ આપું છું કે : "તે તારો પુત્ર કદાપિ શસ્ત્ર હાથમાં લેશે નહિ અને જો શસ્ત્ર લેશે તો શત્રુને જીતી શકશે નહિ." એમકહી ભયંકર હાસ્ય કરીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

આ શાપવાણી સાંભળી ધર્મ અને ભક્તિ ત્યાં જ ઢગલો થઈ બેસી ગયાં. આટલી તપશ્ચર્યા, મંત્રજાપ, વ્રત અને ભક્તિનાં બળથી પ્રાપ્ત થયેલો વર દુષ્ટ અશ્વત્થામાના શાપથી હવે નિરર્થક થઈ જશે ? તેમનું મન ચગડોળે ચડી ગયું. દુઃખના અવધિનો અણસાર પણ તેમને દેખાયો નહિ. છેવટે હરિઈચ્છાથી પ્રાપ્ત ધૈર્ય પૂર્વક વિચારનાં વમળોમાંથી મુક્ત થઈ તરત જ પવનપુત્ર હનુમાનજીનું સ્મરણ કર્યું તો હનુમાનજી આવ્યા. હનુમાનજીને જોઈને દંપતીને આનંદ થયો. પરંતુ શાપના દુઃખથી ચિંતાનો

ભાર ઓછો થયો નહિ.

હનુમાનજીએ તેમને પૂછ્યું : ''ભગવાન શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં છતાં શોકમગ્ન કેમછો?''

ત્યારે ધર્મદેવે કહ્યું : ''દર્શન દીધાં પણ અમારાં ભાગ્ય ફૂટેલા એટલે અશ્વત્થામાએ શાપ આપ્યો કે તે તારો પુત્ર હાથમાં શસ્ત્ર લેશે નહિ અને જો લેશે તો શત્રુને જીતી શકશે નહિ.''



આ સાંભળી હનુમાનજી હસવા લાગ્યા. તેમણે કહ્યું : ''ભગવાન તો શસ્ત્ર લે કે ન લે પણ પોતાના સંકલ્પમાત્રથી બીજામાં પ્રવેશ કરીને પણ અસુરોનો સંહાર કરશે. તમારે ત્યાં તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પધારશે. તે તો પોતાની સંકલ્પશક્તિથી જ શત્રુનો નાશ કરશે. માટે ચિંતા ન કરશો.'' એટલું કહી ધર્મ-ભક્તિને માર્ગ બતાવી હનુમાનજી અંતર્ધાન થઈ ગયાં.

ધર્મદેવ ભક્તિદેવીને માર્ગમાં હનુમાનજીના મહિમાની વાતો કહેતા દોઢ મહિને છપૈયા ગામમાં પહોંચી ગયા. મામાને ત્યાં રહેતા રામપ્રતાપને છાતી સરસા ચાંપીને ભક્તિમાતાએ તેમને પોતાની ગોદમાં લઈ લીધા. સર્વેના કુશળ પૂછ્યાં. સંબંધીજનો સૌ કોઈ આનંદ પામ્યા. ભગવાનની ઈચ્છાથી વાતાવરણ સાનુકૂળ થઈ ગયું. શત્રુ હતા તે પણ મિત્ર બની ગયા!

### ધર્મ-ભક્તિને ત્યાં પૂર્ણપુરુષોત્તમ ભગવાનનું પ્રાગટ્ય

ધર્મ અને ભક્તિનું દાંપત્ય જીવન ગૃહસ્થાશ્રમના નિયમ અનુસાર વ્યતીત થવા લાગ્યું. પૃથ્વી ઉપર શુદ્ધ એકાંતિક ધર્મની સ્થાપનાનો સમય નજીક આવવા લાગ્યો. અસુરોના નિધનની ઘડીઓ પણ ગણાવા લાગી. અસુરોનાં મન વ્યગ્ર થવા લાગ્યાં. તેમનાં ડાબાં અંગ ફરકવા લાગ્યાં. સ્વપ્નમાં પણ જાણે ભયંકર વિનાશનો સમય આવી પહોંચ્યો હોય તેમ દેખાવા લાગ્યું. પળે પળે અપશુકનોની પરંપરા તેઓ અનુભવવા લાગ્યા.

ભક્તિદેવીની કાંતિમાં વૃદ્ધિ થવા લાગી. મનુષ્ય સ્વરૂપે સાક્ષાત્ ભક્તિદેવી પ્રગટ થયાં હતાં પણ તે સત્યનું અનુસંધાન દેહભાવના ભાવથી કોઈને રહેતું ન હતું. છતાં ભક્તિદેવીને જોતાં જ સૌ કલ્પના કરતા કે આ માતા દેવહૂતિ છે કે અનસૂયા છે કે સાવિત્રી છે ! ધર્મદેવના ઓજસપૂર્ણ વ્યક્તિત્વથી પણ સૌ અંજાવા લાગ્યા. સૌ આશ્ચર્યવત્ બની કહેતા કે મનુષ્યમાં આ કેવા પ્રકારનું પરિવર્તન!

પરમાત્માના પ્રાદુર્ભાવનો સમય નજીક આવતો હતો અને તેનાં આ બધાં શુભ ચિહ્નો હતાં. ધર્મ ને ભક્તિ તે પ્રાગટ્યમાં નિમિત્ત બનવાનાં હતાં. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક નવું **સુવર્ણ પૃષ્ઠ** ઉમેરાવાનું હતું.

ભારતમાં અનેક અવતારો પ્રગટ થયા છે. જે કાર્ય માટે તેમનું પ્રાગટ્ય હતું તે કાર્ય તેમણે કર્યું પણ આજ તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમપ્રગટ થવાના હતા. તેથી તેઓ પોતાના ઐશ્વર્ય સહિત ધર્મદેવના ઘેર અંતરીક્ષમાં પધાર્યા. ધર્મદેવ પ્રત્યે દૃષ્ટિ કરી તેમના અંતરમાં વાસ કર્યો. તે જ સમયે ધર્મદેવને પોતાના અંતરમાં કોઈ દિવ્ય વિભૂતિના આવિર્ભાવનો અનુભવ થયો. તે દિવ્યાતિદિવ્ય અનુભવના ઉલ્લાસમાં તેમણે ભક્તિદેવી પ્રત્યે સ્નેહપૂર્ણ દૃષ્ટિએ જોયું. તત્ક્ષણ જ ભક્તિદેવીના ઉદરમાં પૂર્ણ પુરુષોત્તમભગવાનનો વાસ થયો. પૃથ્વી ઉપર પુરાણ-પુરુષના આવિર્ભાવનાં સૂચક ચિહ્નો દેખાવા લાગ્યાં.

પૃથ્વી ઉપર વસંતની વધાઈ લાવતી ઋતુ આવી. પૃથ્વી ફળવતી બની ગઈ.

કુસુમાકરના આગમનથી પૃથ્વીના નૈસર્ગિક સૌંદર્યનાં સૌને દર્શન થયાં. પૃથ્વીનું આવું આહ્લાદ પ્રેરક સૌંદર્ય પરમાત્માની વિભૂતિ સમું, પરમાત્માના પ્રાગટ્યના સમયનો નિર્દેશ કરતું હતું.

અયોધ્યા પ્રાંતનો ઉત્તર કોશલનો પ્રદેશ પૂર્ણ પુરુષોત્તમની લીલાભૂમિબનવાના કોડ સેવતો હતો; પોતાના અંગમાંથી વનસ્પતિ અને વૃક્ષોનાં પુષ્પ તથા ફળોનો ઉપહાર લઈને આ બાળપ્રભુનાં દર્શનની આતુરતાથી થનગનતો હતો. વેદો પણ પોતે કરેલ સ્તુતિ સાંભળી પૂર્ણ પુરુષોત્તમનારાયણ મૂળ અવિદ્યાનો નાશ કરવા પ્રગટ થવાના છે તે જાણી, બ્રાહ્મણોના મુખમાંથી પ્રગટ થઈ પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા. સર્વત્ર આનંદમંગળ વર્તી રહ્યાં હતાં.

આજે પ્રેમવતીના અંગમાંથી જાણે પ્રકાશના પુંજ નીકળતા હતા. તેમનું અતિ કાંતિમય સ્વરૂપ જોઈ સૌને લાગ્યું કે ભક્તિદેવીને હવે પુત્ર પ્રસવ થશે.

આષાઢી સંવત ૧૮૩૭ના ચૈત્રની શુકલ નવમીને (તા. ૨-૪-૧૭૮૧, સોમવાર) રાત્રે દસને દસ ઘડીએ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ (મહાપ્રભુ શ્રી નીલકંઠ)નો **પ્રાદુર્ભાવ** થયો. છપૈયામાં આનંદની હેલી છવાઈ ગઈ. આકાશ માર્ગે અનેક દેવતાઓ આવીને પુષ્પની વૃષ્ટી કરવા લાગ્યા, ગાંધવો ગાન કરવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, ઋષિમુનિઓ ઋચાઓ ઉચ્ચારવા લાગ્યા. છપૈયાના નર-નારીઓ સૌ ધર્મદેવના આંગણે રૂડા વધામણાના ગીતોનું ગાન કરે છે. છપૈયાપુરની ધરતી પર ખૂબ મોટો ઉત્સવ થયો. સમગ્ર વાતાવરણ આનંદથી પુલકિત બન્યું.

આ માંગલિક ક્ષણોએ પ્રસરેલા આનંદ-ઉલ્લાસનું વર્ણન કરતાં સદ્. મુક્તાનંદ સ્વામી લખે છે :

**'પ્રેમવતી સુત જાયો અનુપમ, બાજત આનંદ બધાઈ;**
**પ્રગટ ભયે પુરણ પુરુષોત્તમ, સુર સજ્જન સુખદાયી હો...**
**સુર સજ્જન સુખદાયી હો...**
**જય જય શબ્દ ભયો ત્રિભુવનમેં, સુરનર મુનિજન હરખે હો; પ્રેમ મગન નાચત સુરનારી, મુક્તાનંદ બલ જાઈ હો...'**

વિદ્વાન બ્રાહ્મણોએ પુત્રજન્મનો સમય જોઈ તરત જ બાળપ્રભુની કુંડળી તૈયાર કરી દીધી. તે સમયે બૃહસ્પતિ પુષ્ય નક્ષત્રમાં સુકર્મ નામે યોગમાં અને કૌલવ નામે ત્રીજા કરણમાં, વૃશ્ચિક લગ્નમાં રહેલો હતો. સૂર્ય સુત નામે પાંચમાં ભુવનમાં, ચંદ્ર ભાગ્ય નામે નવમાં ભુવનમાં, મંગળ ધન નામે બીજા ભુવનમા, બુધ સુત નામે પાંચમાં ભુવનમાં, શનિ સહિત ગુરુ તનુ નામે પ્રથમ ભુવનમાં, રાહુ રિપુ નામે છઠ્ઠા ભુવનમાં, કેતુ વ્યય નામે બારમા ભુવનમાં રહેલો હતો. આ પ્રમાણે સર્વ ગ્રહોના સુયોગમાં **પૂર્ણ પુરુષોત્તમનારાયણ** બાળપ્રભુ બનીને ધર્મ-ભક્તિને ઘેર પ્રગટ થયા.

ધર્મદેવે તરત જ ઠંડા જળથી સ્નાન કરી, પુત્રના જિહ્વામાર્જન અને મેધાજનન નામનાં જાતકર્મ કર્યાં. બ્રાહ્મણો તથા ઋષિઓને અનેક પ્રકારનાં દાન દીધાં. આ રીતે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીના ઘરે બીજા પુત્રરૂપે સ્વયં સર્વાવતારી, સર્વોપરી ભગવાન પ્રાદુર્ભાવને પામ્યા તેના આનંદ-ઉત્સવો પૃથ્વીમાં સર્વત્ર થયા. ધર્મદેવ-ભક્તિમાતાનું જ જીવન-કવનનું આલેખન કરીએ છીએ ત્યારે બાલપ્રભુના ચરિત્રનો અત્રે વિસ્તાર કરીશું નહિ. માત્ર ધર્મ-ભક્તિએ કરેલા તેમના તમામ સંસ્કારોને ટૂંકમાં જ જોઈશું.

આમ, બાળપ્રભુનું એક વર્ષ પુરું થયું. છપૈયાપુરવાસી તેમજ ધર્મ-ભક્તિને રાત્રિ-દિવસ કેમ જતા રહે છે તેનો ખ્યાલ

**ધર્મદેવ અને ભક્તિદેવીએ બાલપ્રભુના કરેલા જુદાં જુદાં સંસ્કારો :**

| વર્ષ | તિથિ | વાર | તારીખ | સંસ્કાર |
|---|---|---|---|---|
| સં. ૧૮૩૭ | ચૈત્ર સુદ-૯ | સોમ | ૦૨-૦૪-૧૭૮૧ | જિહ્વામાર્જન-મેધાજનન |
| સં. ૧૮૩૭ | વૈશાખ સુદ-૧૦ | ગુરુ | ૦૩-૦૫-૧૭૮૧ | પયઃપાન |
| સં. ૧૮૩૭ | વૈશાખ સુદ-૧૧ | શુક્ર | ૦૪-૦૫-૧૭૮૧ | પ્રથમવાર પારણામાં ઝૂલાવ્યા |
| સં. ૧૮૩૮ | અષાઢ વદ-૭ | ગુરુ | ૧૩-૦૭-૧૭૮૧ | નામ કરણવિધિ |
| સં. ૧૮૩૮ | શ્રાવણ સુદ-૧૧ | મંગળ | ૩૧-૦૭-૧૭૮૧ | પ્રથમવાર ભૂમિઉપર બેસાર્યા |
| સં. ૧૮૩૮ | આસો સુદ-૨ | બુધ | ૧૯-૦૯-૧૭૮૧ | અન્નપ્રાશનવિધિ |
| સં. ૧૮૩૮ | આસો સુદ-૧૫ | મંગળ | ૦૨-૧૦-૧૭૮૧ | કર્ણવેધ |

પણ નથી આવતો. સૌને એવો દિવ્ય અને અલૌકિક આનંદ બાળપ્રભુજી કરાવે છે. થોડા સમય પછી ધર્મદેવે મોટા પુત્રની યોગ્ય ઉંમર થતાં **રામપ્રતાપભાઈનો વિવાહ** છપૈયાથી પશ્ચિમમાં તરગામના સરવરિયા જ્ઞાતિના જમીનદાર વિપ્ર બળદેવ દુબેની પુત્રી **સુવાસિની** સાથે કર્યા. ખૂબ ધામધુમથી રામપ્રતાપભાઈ અને સુવાસિનીબાઈના લગ્ન થયા. હવે સુવાસિનીબાઈ બાળપ્રભુજીના **ભાભી** બન્યા.

જેમને બાળપ્રભુના ભાભી બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેવા પતિવ્રતા સુવાસિનીબાઈ છપૈયામાં નિવાસ કરી સાસુ-સસરા ધર્મદેવ અને ભક્તિદેવીની માતા-પિતાની જેમ સેવા કરવા લાગ્યા. સમય જતાં બાળપ્રભુના ત્રીજા વર્ષનો પ્રારંભ થયો. ધર્મ-ભક્તિએ બાળપ્રભુનો સં. ૧૮૩૯ જેઠ વદ - ૫ ( તા. ૧૯-૬-૧૭૮૩ ગુરુવાર)ના રોજ ચૌલ સંસ્કાર કરાવ્યો. થોડા સમય બાદ બાળપ્રભુએ કાલિદત્તનો વધ કર્યો. ત્યારપછી છપૈયામાં વારંવાર અસુરોનો ત્રાસ થતો હોવાથી છપૈયાનો ત્યાગ કરી ધર્મદેવ કુટુંબે સહિત સં. ૧૮૪૦માં અયોધ્યામાં રહેવા આવ્યા.

અયોધ્યાપુરીના બરહટ્ટાપુરમાં પોતાનું જુનું ઘર (હાલ જ્યાં મંદિર છે ત્યાં) હતું ત્યાં જ નિવાસ કર્યો. ત્યાં રહેતા થકા ધર્મદેવે બાળપ્રભુ શ્રી ઘનશ્યામને સં. ૧૮૪૨ ચૈત્ર સુદ - ૨ (તા. ૩૧-૩-૧૭૮૬ શુક્રવાર)ના દિવસે વિદ્યા ભણાવવાનો શુભારંભ કર્યો. થોડો સમય જતાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીના કુખે સં. ૧૮૪૨ વૈશાખ સુદ - ૨ (તા. ૩૦-૪-૧૭૮૬ રવિવાર)ના રોજ ત્રીજા પુત્ર **ઈચ્છારામભાઈ**નો જન્મથયો. જેને બાળપ્રભુના નાનાભાઈ બનવાનું ભાગ્ય સાંપડ્યું.

બાળપ્રભુને આઠમું વરસ ચાલતું હતું. સં. ૧૮૪૫ ફાગણ સુદ - ૧૦ (તા. ૭-૩-૧૭૮૯ શનિવાર)ના રોજ બાળપ્રભુના ઉપવીત સંસ્કારનો મોટો ઉત્સવ કર્યો. ત્યારબાદ ટૂંકસમયમાં જ પિતા ધર્મદેવ પાસેથી સંપૂર્ણ વેદાંતનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈ માત્ર૧૦ વર્ષની ઉંમરે પિતા ધર્મદેવ સાથે કાશીપુરીમાં વિદ્વાનોની સભા જીતવા ગયા. ત્યાં બાળપ્રભુએ વિદ્વાનોના અનેક પ્રશ્નોના સચોટ અને જડબાતોડ ઉત્તરો દઈ કાશીની સભાને જીતી પાછા અયોધ્યા પધાર્યા.

## ભક્તિમાતાનો દેહોત્સર્ગ :


સં. ૧૮૪૮ના કાર્તિક સુદ આઠમને ગુરુવારે રાત્રે ભક્તિમાતાના શરીરે મંદવાડ આવ્યો. માંદગીની તીવ્રતા સૂચવતી હતી કે અંતકાળ નજીક છે. તે વખતે બાળપ્રભુએ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. ભક્તિમાતાની ઈચ્છાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું. તેમજ સૃષ્ટિ રચના, ચાર પ્રકારના પ્રલય તથા સાચા સંતોના લક્ષણો સમજાવ્યા. જેને **'હરિગીતા'** કહેવાય છે.

ભક્તિમાતાએ બાળપ્રભુ શ્રી ઘનશ્યામના આ દિવ્ય શબ્દો


પ્રભુના પ્રાદુર્ભાવ પ્રસંગે બ્રાહ્મણોને દાન આપતા ધર્મદેવ


બાળપ્રભુનો યજ્ઞોપવિત સંસ્કાર


ભક્તિમાતાને અંતસમે જ્ઞાનોપદેશ


ધર્મદેવની સેવા કરતા બાળપ્રભુ

અંતરમાં ઉતાર્યા. તેમની વૃત્તિ અંતરમાં ઊતરી ગઈ. પુત્રરૂપે પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમનારાયણના દર્શન કરતાં કરતાં ભક્તિમાતા વિ.સં. ૧૮૪૮ના કાર્તિક સુદ - ૧૦ (તા.૫-૧૧-૧૭૯૧ શનિવાર)ના દિવસે આ ભૌતિક દેહનો ત્યાગ કરીને દિવ્ય ગતિ પામ્યાં. પછી બાળપ્રભુએ વિષ્ણુસહસ્ર નામના પાઠ કર્યા. મોટાભાઈ રામપ્રતાપભાઈ પાસે સરયૂ નદિને કિનારે રામઘાટ પાસે ભક્તિમાતાના પંચભૌતિક દેહનો **અગ્નિસંસ્કાર** કરાવ્યો. માતાના દેહત્યાગથી દુઃખી થયેલા સ્વજનોને સાંત્વના આપી.

### પિતા ધર્મદેવનું ધામગમન :

ભક્તિદેવીના ધામગમન બાદ ધર્મદેવ પણ સાંખ્ય અને યોગનો આશ્રય કરીને પરમાત્માનું અહર્નિશ ભજન કરવા લાગ્યા. ધર્મદેવે ભક્તિદેવીનું પ્રતિ માસ કરવાનું માસિક શ્રાદ્ધ શાસ્ત્રોક્તવિધિ અનુસાર કરાવ્યું. થોડા સમય પછી ધર્મદેવના શરીરમાં તાવની તીવ્ર વેદના હતી. ધર્મદેવ પણ મનમાં પોતાનો 'અંત સમય હવે નજીક આવ્યો છે' તેમજાણવા લાગ્યા. સંસારના સર્વ પદાર્થોમાંથી આસક્તિનું બંધન તોડી ધર્મદેવ ભગવદ્ધ્યાન પરાયણ થયા.

વિ. સં. ૧૮૪૮, જેઠ સુદ એકાદશીથી ધર્મદેવે દશમસ્કંધનો પાઠ શરૂ કર્યો. સંસાર વ્યવહારમાંથી પ્રીતિ તોડી બધાથી ઉદાસ રહેવા લાગ્યા. બાળપ્રભુ ઘનશ્યામ નિર્જળા એકાદશીનું વ્રત કરીને રાત્રિએ જાગરણ કરતા પિતા ધર્મદેવની પાસે બેઠા હતા અને તાવની પીડાને લીધે ધર્મદેવને નિદ્રા આવતી નહોતી. તેથી પુત્ર ઘનશ્યામની સામું વારંવાર જોયા કરતા હતા તે સમયમાં બાળપ્રભુ ઘનશ્યામે પિતાને સમાધિમાં તેજોમય દિવ્ય અક્ષરધામમાં પોતાનું સાક્ષાત્ દર્શન કરાવીને પોતાનો પરાત્પર સર્વોપરીપણાનો દૃઢ નિશ્ચય કરાવી, સમાધિમાંથી જાગૃત કર્યા.

અંતસમય નજીક જાણી ધર્મપિતાએ રામપ્રતાપ, સુવાસિની તથા ઈચ્છારામને પાસે બોલાવ્યા. જેમ મૃત્યુ સમયે કોઈ પોતાના પુત્રને ધન-સંપત્તિ સોંપે તેમ ધર્મપિતાએ પણ પોતાના પુત્રને બાળપ્રભુ રૂપે રહેલા શ્રીહરિનું **જ્ઞાનરૂપ ચિંતામણી** આપવા બંને પુત્રોને સંબોધતા ધર્મદેવે કહ્યું : "હે સુજ્ઞ પુત્રો ! આ ઘનશ્યામમાં તમો ભાઈપણાનો માનુષિક ભાવ ન લાવશો. તે ખરેખર સાક્ષાત્ ભગવાન જ છે. તે તમારા બધાનું કલ્યાણ કરશે. તે કાયમઉદાસ રહે છે, કોઈના રોક્યા રોકાય તેવા નથી. એવું તેમનું વૈરાગ્યનું અંગ છે. તેઓ જ્યાં સુધી ઘેર રહે ત્યાં સુધી તેમની પ્રીતિથી સેવા કરજો."

પછી ધર્મપિતાએ બાળપ્રભુ ઘનશ્યામને કહ્યું : "તમારા નિશ્ચયે કરી હું પૂર્ણકામ તો થયેલો જ છું છતાં પણ શ્રીકૃષ્ણ ભક્તિની મને તૃપ્તિ નથી થતી. માટે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરવાની મારી ઈચ્છા છે." પછી પવિત્ર બ્રાહ્મણને તેડાવી તેની પાસે ભાગવતની કથા કરાવી. સં. ૧૮૪૮ જેઠ વદ- ૪ (તા.૮-૬-૧૭૯૨ શુક્રવાર)ના રોજ કથાની સમાપ્તિ થઈ. તે જ દિવસે જ્વરે વધારે જોર કર્યું. ધર્મદેવે પુત્રરૂપ શ્રીહરિમાં મનની વૃત્તિ સ્થિર કરી ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને દિવ્ય દેહે પ્રભુના ધામમાં પહોંચી ગયા.

પછી ધર્મદેવના દેહને ષોડશોપચારથી સ્નાન કરાવી, નવા વસ્ત્રો ધારણ કરાવીને સરયૂનદીના કિનારે રામપ્રતાપભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

આમ, સેંકડો મુમુક્ષુ જીવાત્માઓના માટે પોતાનું જીવન દિવાદાંડીરૂપ બનાવી માત્ર આ પૃથ્વી ઉપર ૫૦ વર્ષ જેટલું ટૂંકુજીવન જીવી આ સમગ્ર બ્રહ્માંડને અક્ષરધામાધિપતિ સર્વાવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભેટ રૂપે આપ્યા એવા સમગ્ર જગતના માતાપિતા તુલ્ય પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીને **હજારો હજાર ધન્યવાદ હજો !!!** જેમણે પોતાના નામોને અનુસાર સાર્થક જીવન જીવી પરબ્રહ્મને પ્રગટ થવા મજબુર કર્યા. સાથોસાથ અનેકોને જીવનરાહ બતાવ્યો કે : 'પરમાત્માને મેળવવા કેવા દિવ્ય અને ભવ્ય જીવન જીવવા પડતા હોય છે.' ત્યારે તેઓના જીવનમાં ભગવાનનું પ્રાગટ્ય થતું હોય છે. વધુ શું કહિએ ?, શું લખીએ ? પરંતુ આજે **પિતા ધર્મદેવના ૨૭૦માં જન્મદિવસે અને માતા ભક્તિદેવીના ૨૬૮માં જન્મદિવસે જગતવંદ્ય માતા-પિતાના ચરણોમાં બે હાથ જોડી નતમસ્તકે પ્રાર્થના કરીએ** : 'હે માતા-પિતા ! આપના નિર્મળ જીવનના ઉપકારમાં સમગ્ર વિશ્વ જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી તેનું ઋણી રહેશે.'

અંતમાં આપના શ્રીચરણોમાં અમારી એક વિનંતિ : 'હે માતા-પિતા ! અમો તો આપના ઘેલા-ભોળાં, રૂઠ્યાં-ત્રુઠ્યાં બાળકો છીએ. આપે જેમઅનેક અસુરોના ત્રાસને સહન કર્યો છે તેમઆપ અમારી ભૂલોને ભૂલી તેને સહન કરી એવા રૂડા **આશીર્વાદ** આપો કે હવે ફરી તે ભૂલો અમે ન કરીએ. તેવું બળ અમને મળે, આપે જેવું જીવન જીવ્યા તેમાંથી અમો પણ કંઈક તેવું જીવન જીવતા શીખીએ. જેથી કરી આપના પુત્ર ઘનશ્યામઅમારા હૃદયરૂપી ઘરમાં સદાયને માટે પ્રાગટ્ય પામે.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ...


જેવું અમારુ કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે;
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે;
ધર્મકુલ
વંશ વૃક્ષ
ધર્મદેવ
ભક્તિમાતા

અયોધ્યામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામને માત્ર ૧૦ વર્ષની ઉંમરે તમામશાસ્ત્રોનું અધ્યયન કરાવનાર, ધાર્મિક ગ્રંથપ્રિય

# ધર્મદેવ જેવા શાસ્ત્રપ્રેમી પિતા આજે ક્યાં મળે ?

- સાધુ યોગેશ્વરદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



હિન્દુત્વની સામે અનેક આંતરરાષ્ટ્રીય ખતરાઓ ડોળા કાઢીને ઊભા છે. પરંતુ સૌથી મોટો ખતરો છે - આપણી નવી પેઢીમાંથી આજે ઓસરતો જતો સદ્‌વાંચન પ્રેમ. આપણા આજના યુવાનમાં હિન્દુ સંસ્કૃતિની મહાન પરંપરા વિશે પાંચ સવાલના જવાબ આપવાની ક્ષમતા નથી. આપણી સંસ્કૃતિના શાશ્વત આધ્યાત્મિક ખ્યાલો વિશે એને કક્કાનીય ખબર નથી. કારણ?

ઈતિહાસ પડખું ફરી રહ્યો છે. કલ્પના ન કરી શકાય એટલી હદે નવી પેઢી વળાંક લઈ રહી છે. વિકૃતિના નવા નવા અવતારો, આપણી નવી પેઢીને વિકારોના નવા નવા ઢોળ ચઢાવી રહી છે. 'અમારા જમાનામાં આમ હતું' કહેતી જૂની પેઢીનું નૂર જાણે હરાઈ ગયું છે કે નવી પેઢીનું યોગ્ય દિગ્દર્શન કરી શકે એવી ક્ષમતા જ સમાપ્ત થઈ ગઈ છે. અને સ્ટીરિંગ વિનાની ધસમસતી વેગવંતી મોટરકારની પેઠે, દિશાભાન વિના, આપણી નવી પેઢી જીવનનો ઢાળ સડસડાટ ઊતરી રહી છે. ક્યાં જઈ પહોંચશે ? ક્યાં જઈ અથડાશે ? કલ્પના કંપાવી મૂકે તેવી છે. આંખ ચોળીને જો આપણે બેઠા નહીં થઈ જઈએ, તો દિવસો એવા આવશે કે આપણે આપણું અસ્તિત્વ જ હારી બેઠા હોઈશું.

પરંતુ આમ શાથી બની રહ્યું છે ?

જે દેશની યુવાપેઢી તે દેશની પરંપરા સાચવતા ગ્રંથો પ્રત્યે ઉદાસ થાય છે એ દેશના પતનની તારીખ વિધાતા નિશ્ચિત કરી નાંખે છે. હિન્દુત્વની સામે અનેક આંતરરાષ્ટ્રીય ખતરાઓ ડોળા કાઢીને ઊભા છે. પરંતુ એમાં સૌથી મોટો ખતરો છે - આપણા આજના યુવાનમાં હિન્દુ સંસ્કૃતિની મહાન પરંપરા વિશે પાંચ સવાલના જવાબ આપવાની ક્ષમતા નથી. આપણી સંસ્કૃતિના શાશ્વત આધ્યાત્મિક ખ્યાલો વિશે એને કક્કાનીય ખબર નથી. આપણા મહાન અવતારી પુરુષો, ઋષિમુનિઓ, સંતો, સત્પુરુષોનાં જીવન અંગે બે-પાંચ મિનિટ ક્યાંયે બોલવાનું થાય તો આપણી આજની યુવાપેઢી ક્ષુબ્ધ બની જાય છે ! કારણ?

એક જમાનાનો આપણો યુવાન વાતચીતમાં સહજતાથી શ્રીમદ્ ભગવદ્‌ગીતાને ટાંકી શકતો. ઉપનિષદ્ અને મહાભારતનાં સુવાક્યો, વચનામૃતના અદ્‌ભૂત કથનો,

ભર્તૃહરિનાં સુભાષિતો, નરસિંહ મહેતા કે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કે ગોસ્વામી તુલસીદાસની અમૂલ્ય પંક્તિઓને વ્યવહારમાં પ્રયોજી શકતો. એ માત્ર ગોખણપટ્ટી નહોતી, ઉત્તમવિચારોની અભિવ્યક્તિ હતી. આજે ક્યાં ગઈ છે એ પરંપરા?

**સદ્‌વાંચન આપણી અમૂલ્ય ધરોહર (મૂડી) છે.** આપણા મહાપુરુષોનાં અમૂલ્ય જીવનચરિત્રો, એમના ઉપદેશ ગ્રંથો કે કીર્તનોનાં પુસ્તકોમાં, **જીવનને સાર્થક બનાવવાની અદ્‌ભુત તાકાત છે.**

આપણી હિન્દુ સંસ્કૃતિના આ અમૂલ્ય વારસા સમા પુસ્તકો - ગ્રંથો માટે, આપણા આત્માના અમૂલ્ય ઔષધ સમા એ શબ્દ વિશ્વ માટે, ધર્મની પુષ્ટિનાં એ અમૃત પોષકતત્ત્વો માટે આપણે સતત તરસ્યા રહેવું જોઈએ. એને બદલે પરિસ્થિતિ કેમવિપરીત છે?

ક્યારેક એમ લાગે છે કે વાંક મા-બાપનો જ છે. પોતાના સંતાનોમાં સારાં પુસ્તકો માટે રુચિ પેદા કરવી કે એમને સારાં પુસ્તકો આપી વાંચતા કરવાં, એમને વાંચનવિવેક શીખવવો એ જવાબદારી પ્રત્યેક શિક્ષિત મા-બાપે સ્વીકારવી જ જોઈએ. આપણે જ આપણાં સંતાનોને સારાં પુસ્તકોનો સંયોગ નહીં આપીએ તો બીજું કોણ એ કરશે? બચપણથી જ એનાં રમકડાં કે એનાં કપડાં પાછળ, કે એના મનોરંજન પાછળ જેટલું ધ્યાન આપીએ છીએ, તેટલું તેને નાની ઉંમરથી જ સંસ્કાર આપે તેવાં પુસ્તકો-ગ્રંથોના માર્ગે ચઢાવવામાં કેમનહીં રખાતું હોય ? આપણે જ આપણી હિન્દુ સંસ્કૃતિને વારસામાં નહીં સિંચીએ તો શું મુસલમાનો કે ઈસાઈઓ સીંચશે? પ્રત્યેક મુસ્લિમ પોતાના બાળકને કુરાનની આયાતો શીખવવા ઉત્સુક હોય છે. પણ હિન્દુઓમાં ? પ્રત્યેક મુસલમાન બચ્ચો ગળું ખંખેરીને ત્રાડ પાડીને નમાજ પઢી લે છે, પણ કેટલાંય હિન્દુ પરિવારોમાં પ્રાર્થનાના બે શબ્દો બોલતાંય ફેં પડે છે ! તો, આ સંસ્કારો સીંચશે કોણ? હિન્દુઓના પેટનું પાણી કેમહલતું નથી?

પ્રત્યેક મા-બાપ પોતાના સંતાનોને તે પાપા પગલી કરતાં શીખે ત્યારથી જ **સદ્‌વાંચનનો માર્ગ** ચીંધશે તો હિન્દુસ્તાનનું ભાવિ કંઈક નિરાળું જ હશે.

ખૂબ ઓછાં મા-બાપ ચિંતિત હોય છે - સંતાનોની વાંચનભૂખ પ્રદીપ્ત કરવા માટે. સંતાનોની શાળાકીય પરીક્ષાઓ માટે ધીમે ધીમે મા-બાપની જાગૃતિ વધી રહી છે, પરંતુ ધાર્મિક, આધ્યાત્મિક કે આપણી સંસ્કૃતિની સનાનત પરંપરાનાં પુસ્તકોના અભ્યાસમાં મહદ્ અંશે માતા-પિતાઓ સુષુપ્ત છે ! કુંભકર્ણોની પ્રતિકૃતિ બનીને નિદ્રાધીન છે ! નિર્લેપ છે ! નિશ્ચિંત છે ! અહીં ધર્મદેવનું સ્મરણ થાય છે. અયોધ્યા-છપૈયામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામની માત્ર દસ વર્ષની ઉંમરે, તમામ શાસ્ત્રોનું અધ્યયન કરાવનાર ધર્મદેવ જેવા પિતા આજે ક્યાં છે? જે પોતાનાં સંતાનોને ધાર્મિક-આધ્યાત્મિક-નૈતિક પુસ્તકો વંચાવવા-ભણાવવાનું પોતાનું નૈષ્ઠિક કર્તવ્ય સમજતાં હોય, અને એ અદા કરતા હોય ! અને એનું પરિણામ આપણે જોઈ પણ શકીએ છીએ.

કોલેજ-શાળાના ઉપલકિયા શિક્ષણનાં પુસ્તકોના ઉપલકિયા અભ્યાસ સિવાય આપણી નવી પેઢીને વાંચનની જાણે ભૂખ જ નથી. અને આંગળીના વેઢે ગણાય એવા યુવાનોમાં વાંચનની ભૂખ છે પણ કેવા વાંચનની?

આધ્યાત્મિક વાંચનની તો નહીં જ ...પરંતુ;

કોલેજોની બહાર ચાલતી ટોળાશાહીમાં, અભદ્ર ટોળટપ્પાં અને ખીખવાટામાં ખખડતી આપણી નવી પેઢીને સદ્‌વાંચન કે ધાર્મિક વાંચન પ્રત્યે, પૂર્વે નથી થઈ એવી અરુચિ પેદા થઈ છે.

તો એને કેવાં પુસ્તકોમાં રુચિ છે? જાણવું છે?

થોડા વિદ્યાર્થી મિત્રોને મળવાનું થયું ત્યારે જાણવા મળ્યું કે થોડો ઘણો વાંચનનો શોખ ધરાવનાર વિદ્યાર્થીઓ, વધુમાં વધુ તો છાપાંઓ, છાપાંઓની છીછરી પૂર્તિઓ, અને અન્ય મનોરંજનના મેગેઝિનો વાંચે. વધુમાં ક્યારેક 'જનરલ નોલેજ' માટેનાં પુસ્તકો વાંચે. જોક્સ, કોમિક્સ કે કારકિર્દીને લગતાં પુસ્તકો વાંચે. આશ્ચર્ય એ થયું કે ધાર્મિક વાંચન, આધ્યાત્મિક વાંચન કે વિચારપ્રેરક વાંચનનું ક્યાંય સ્થાન જ નથી? 'જનરલ નોલેજ'માં પણ આનો સમાવેશ નહીં?

ભારતમાં ત્રણસો ત્રણસો વર્ષ સુધી શાસનની જડ જમાવનાર બ્રિટિશ સલ્તનતનો પાયો હચમચાવવામાં જેટલો ક્રાંતિકારીઓની શહીદીનો ફાળો છે, એટલો જ ગાંધીજીના સત્યાગ્રહનો છે. કારણ કે ગાંધીજીના સત્યાગ્રહોએ ભારતભરની પ્રજાને અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવવામાં શામિલ કરી. પરંતુ અત્યંત સફળ થયેલા આ સત્યાગ્રહોનું મૂળ ક્યાં છે ? સને ૧૯૦૭માં દક્ષિણ આફ્રિકામાં મોહનદાસ કરમચંદ ગાંધીના હાથમાં Henry David Thoreau (હેન્રી ડેવિડ થોરો)એ લખેલું 'Civil Disobedience' પુસ્તક આવી ચઢ્યું. અને એમાંથી થયો - ગાંધીજીના અસહકાર આંદોલનનો જન્મ. પાછળથી એ 'સત્યાગ્રહ' સ્વરૂપે બન્યું.

એક સર્વેક્ષણ મુજબ દરરોજ ૫૦ લાખ ગુજરાતીઓ વર્તમાનપત્રો વાંચે છે. એની સામે સારાં પુસ્તકોની માત્ર ૧૦૦૦ નકલો જ ખપે છે, અને તે પણ એકાદ-બે વર્ષે ! આવું કેમબને છે? શું આ ચિંતાપ્રેરક નથી? એવું બનવું ન જોઈએ કે સારાં પુસ્તકોની ખરીદી માટે પડાપડી થાય?

**અનુસંધાન પેજ - ૨૭ પર...**

सर्वावतारी भगवान श्री स्वामिनारायण प्रबोधित वचनामृतनी १८९मी जन्मजयंति प्रसंगे वचनामृतना आधारे

# શ્રીજીમહારાજનું નિર્માનીપણું

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



निर्मानः स सिषेवे तांस्तत्रत्यान्साधुवर्णिनः । पत्रकाष्ठकरीषाद्यानयपाकक्रियादिभिः ॥२७॥ आर्तानां सेवनं चासौ सदन्नौषधवारिभिः । पादसंवाहनाद्यैश्च तत्रत्यानां मुदाचरत् ॥२८॥ तस्य साधुगुणान् दृष्ट्वा दुष्प्रापान्प्रयतैरपि । स्वगुराविव तस्मिंस्ते बभूवुः स्निग्धचेतसः ॥२९॥

ભગવાન શ્રીહરિ નિર્માનીપણે ખાખરા આદિકના પાન, કાષ્ઠ, છાણ વગેરે વસ્તુ પદાર્થો લાવી આપવા તેમજ રસોઈ કરવી વગેરેથી આશ્રમમાં રહેતા સાધુ બ્રહ્મચારીઓની સેવા કરતા હતા. (૨૭)

ભગવાન શ્રીહરિ આશ્રમમાં રહેતા હરકોઈ માંદા સાધુસંતની રુચિ અનુસાર ભોજન, ઔષધ, ચરણચંપી વગેરે સેવા હર્ષ પૂર્વક કરતા હતા. (૨૮) પ્રયત્ન કરવા છતાં મનુષ્યો જે સદ્‌ગુણો પ્રાપ્ત ન કરી શકે તેવા સદ્‌ગુણો શ્રીહરિમાં જોઈને મુક્તાનંદસ્વામી વગેરે સંતમંડળને પોતાના અંતરમાં ગુરુ શ્રી રામાનંદસ્વામીને વિષે જેવો સ્નેહ હતો તેવો જ સ્નેહ શ્રીહરિને વિષે થયો. (૨૯) (શ્રી સત્સંગિજીવન : ૧/૫૨/૨૭-૨૯)

આજનો યુગ ખરેખર તો માનનો યુગ (ego-era) ચાલી રહ્યો છે. સમગ્ર વિશ્વનો દરેક વ્યક્તિ આ માનયુગમાં જ જીવી રહ્યો છે. આજે ચારેબાજુથી જ્યારે વ્યક્તિ અહંકાર-માનના આટાપાટામાં અટવાયેલી છે ત્યારે 'વચનામૃત'નું વાંચન કરતા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નિર્મળ અમાનિત્વ તેઓને લોકવિશેષ અવતારીપુરુષ તરીકે પ્રસ્થાપિત કરતું નજરે ચઢે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુરના ૮મા

વચનામૃતમાં કહે છે : "....જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે..." આમ, અત્યારે શેરીએ-શેરીએ, ગલીએ-ગલીએ, શાળાએ-શાળાએ અને ઓફિસોમાં કે યુનિવર્સીટીઓમાં માનના કારણે ઈર્ષ્યાની હરિફાઈ ચાલે છે. આ બાજુ જોતા જણાય કે જાણે કોણ વધુ ઈર્ષ્યા કરી આગળ નીકળે. સમગ્ર સમાજ વર્તમાનકાળે માનના કારણે ઈર્ષ્યામાં લપેટાયો છે ત્યારે જો મનુષ્ય વિચાર કરે તો તેની સમસ્ત પ્રવૃત્તિ ખડકાળ અહંની આસપાસ ફીણફીણ થઈને વેરાતી હોય છે. પરંતુ અહંને મોઢે ક્યારેય ફીણ નથી વળતા. વળી, મનુષ્ય એકલો રહી શકતો નથી અને બીજાને સહન કરી શકતો નથી. નેપોલીયન-હિટલર-સિકંદર જેવાનો 'હું' પૃથ્વી જેટલો જ વજનદાર હતો. તો ચાની કીટલી લઈ જતા પટાવાળાનો 'હું' પણ તે કીટલી જેટલો જ વજનદાર અને ગરમખરો જ...!!!

આવી બાબતોનું શ્રવણ કરીએ ત્યારે શ્રીજીમહારાજનું જીવન નિર્માનીપણાની એક દંતકથા સમુ ભાસે છે. નિર્માનીપણાની પારાકાષ્ઠા પાર પહોંચેલી નમ્રતા નીચેના એમના ઉદ્‌ગારો પરથી જણાય આવે છે. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીની કીર્તન-ભક્તિથી રાજી થઈ શ્રીજીમહારાજ કહે છે : "...બહું સારા કીર્તન ગાયા. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ...' આ વાત ગઢડા મધ્ય પ્રકપણના ૪૮મા વચનામૃતમમાં કહે છે ત્યારે પોતે એક ગુરુ બની શિષ્યને દંડવત્ કરવા આતુર બને..."

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭મા પણ ભગવાન શ્રીહરિ કહે છે : "...એવી નિષ્ઠાવાળા જે સંત તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુ:ખવતા થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ..."

આજના આ આધુનિક આધ્યાત્મિક ક્ષેત્રે ગુરુ કે આચાર્ય ઘણીવાર અહંની ખંજવાળ સંતોષવા સિવાય બીજું કંઈ કામજ નથી કરતા. તેઓ જો શિષ્યોને આજ્ઞાઓ કરે તેમાં તેમની સત્તાકાંક્ષાનો 'હું' સમાયેલો હોય છે. પોતાના શિષ્યોના અનેક ઉપકારોને પોતે બોજા હેઠળ રાખી પોતાનું જથ્થાબંધ 'અહમ્' અકબંધ રાખવાની ઘણી નવીન લલીતકળા (Fine Art) સિદ્ધ કરીને તેઓ જીવન જીવતા હોય છે. શિષ્યની ચાકરીના ચૂરા થઈ જાય તોપણ તેઓ સભાન નથી હોતા. આવા માનભૂખ્યા ધર્મગુરુઓની અપેક્ષાએ શિષ્યોને દંડવત્ કરવાની, તેમની ચરણરજ માથે ચઢાવવાની, તેમને દુ:ખ પડે તો પોતાને બીક લાગે, અરે ! એમના દર્શનની ઝંખનાને સેવતા ભગવાન શ્રી સ્વામિનારાયણની આ નમ્રતા કેટલી નિર્દોષ સોહે છે !

ગુરુઓ, ધર્માચાર્યો ઉપદેશ આપવાને પોતાનો અબાધિત અધિકાર સમજતા હોય છે. તેઓની જીભ પર વાણીના પરપોટા થયા જ કરે છે. આશ્રિતો તેમના અવાજથી વાજ આવી જાય તો પણ ક્યારેય શિષ્યોને સાંભળવાની તેમને ફૂરસદ હોતી નથી. તેવે વખતે શ્રીજીમહારાજનું વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં ઉદ્‌ગારાયેલું આ વાક્ય યાદ આવ્યા વિના રહે નહીં. શ્રીજીમહારાજ પરમહંસો પ્રત્યે કહે છે : "...કહો તો તમને એક પ્રશ્ન પૂછું..." શિષ્યો આગળ પણ વાત કરવાની અનુમતિ માંગતા ભગવાન શ્રીહરિ કેટલા વિનમ્ર હશે ! વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫માં પણ પોતે પરમહંસોની અનુમતિ લેતા હોય તેમપૂછે છે : "...તમે પ્રશ્ન પૂછો કાં અમે પૂછીએ..."

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯માં ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછે છે : "...ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમપામે ?..." તેનો ઉત્તર આપતાં મહારાજ કહે છે : "...એના ઉપાય ચાર છે : એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા ને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું થોડું છે ને દેશકાળ ને સંગનું કારણ વિશેષ છે. કેમજે, જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય ને તમજેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડી જ થાય..."

અસત્ય બોલવું તે તો ખરાબ છે જ પણ સત્ય બોલવાના સમયે પણ મૌન રહેવું તે ય એટલું જ ખરાબ છે. કદાચ તેથી વધુ. તેવી જ રીતે વ્યક્તિમાં ગુણ દેખાય અને તેની પ્રશંસા ન કરી તે માટે પણ છાની છપની નિષ્ઠુરતાની જરૂર પડે, મીંઢા દ્વેષભાવની જરૂર પડે ! શ્રીજીમહારાજના જીવનમાં ખૂણેખાચરે પણ માનની કરચ નથી. તેથી તેઓ પોતાના શિષ્યને પણ પ્રશંસી શકે છે.

એટલે જ તેઓ પોતાના શિષ્યની પ્રશંસા કરતા કહે છે : "...તમ(ગોપાળાનંદ સ્વામી) જેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડી જ થાય..." (વચનામૃત ગઢડા પ્રથમપ્રકરણ: ૨૯)

વળી, ગઢડા પ્રથમપ્રકરણના ૩૦માં વચનામૃતમાં દિનાનાથ ભટ્ટની પ્રશંસા કરતા શ્રીજીમહારાજ કહે છે : "...અને ઘડી ઘડી પળપળમાં સૂક્ષ્મઘાટ થાય છે તે તો કોઈના ઓળખ્યામાં આવે નહિ અને તમારા જેવો કોઈક બુદ્ધિમાન હોય તો આખા દિવસમાં બે ત્રણ ચાર સ્થૂલ ઘાટ થાય તે તેના ઓળખ્યામાં આવે..."

શ્રીજીમહારાજ પોતે ગુરુ હોવા છતાં એક શિષ્યના ગુણના વખાણ કરવા એ નિર્માનીપણાની જ એક રીતી છે.

મુક્તિ માટે સંસારનો ત્યાગ કરીને નીકળેલા ત્યાગીઓ ઘણીવાર દીવાલ વગરની કેદમાં સપડાઈ જાય છે. પોતે ઊભી કરેલી કેદ સાથે અહમ્

જોડાઈ જાય ત્યારે કેદની ભવ્યતા પણ એની પ્રતિષ્ઠાનો સવાલ બની જાય છે. પોતાની કેદ સામેવાળાની કેદ કરતાં વધારે ભવ્ય છે અને ઊંચા પ્રકારની છે એવું માનવા-મનાવવાનો મોહ એકઠો થતો રહે છે. ત્યાગી થયા પછી પણ વ્યક્તિ વર્ણ, આશ્રમ, જ્ઞાતિની કેદમાંથી છૂટી શકતો નથી. જીવનભર તેમાં જ પડી રહેવામાં તેને ધન્યતા લાગે છે. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં એક સાધુ ત્યાગાશ્રમ ગ્રહણ કર્યા બાદ ૪૦ વર્ષે પણ 'કડવા' જ્ઞાતિથી અડવો નહોતો થઈ શક્યો. જ્યારે તેને તોડવાનો પ્રયત્ન થાય છે ત્યારે તેનો અહં સળવળી ઊઠે છે.

શ્રીજીમહારાજ તો ઉચ્ચ બ્રાહ્મણકુળના હતા. છતાં દ્વેષીઓએ તેમને હલકી જ્ઞાતિના વર્ણવેલા, પરંતુ ભગવાન શ્રીહરિએ કોઈ પ્રત્યાઘાતો આપ્યા નહીં, કારણ કે પોતે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૪૪માં કહે છે : "...જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી... અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી ઘણી કઠણ છે અને એવો સાધુ તો હું છું જે, મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી."

મનુષ્યના સદ્‌ગુણો સાથે જ્યારે અહમ્ ભળે છે ત્યારે તેના સદ્‌ગુણોનો પણ ભાર લાગે છે. આવી વ્યક્તિની સાદાઈ પણ મોંઘીદાટ બની રહે છે. તેનો અપરિગ્રહ પણ ભારેખમ બની જાય છે. તેનો શાંત સ્વભાવ પણ ઊહાપોહ મચાવનારો સાબિત થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને તો પોતામાં સદા વસેલા અનંત ગુણોનું પણ માન નથી. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૧૩માં પોતે કહે છે : "...મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો... અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો તથા મારે વિષે જ્ઞાન છે જે, 'હું બ્રહ્મ છું' તેનો ભાર નથી જણાતો..." સદ્‌ગુણોનો ગોવર્ધન ઉપાડ્યો હોવા છતાં મોરપીંછ જેટલી હળવાશ શ્રીજીમહારાજના વ્યક્તિત્વમાં દેખાય છે.

જ્યાં પોતાની જ સર્વોપરિતા પ્રસ્થાપિત કરવાના પ્રયાસો સર્વપ્રકારે થતા હોય ત્યાં ભૂલ બદલ માફી માંગવાની નમ્રતા કેળવવા કેટલો વ્યાયામ કરવો પડે ! જ્યારે અહમ્ ઓગળી જાય ત્યારે જ અન્યની પીડાને ઝીલી શકીએ તેવા સંવેદનશીલ આપણે બનીએ છીએ. આવા સંવેદનશીલ શ્રીજીમહારાજ હતા.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૨૭માં શ્રીજીમહારાજ કહે છે : "...અમારાથી તો એક ગરીબ પણ દુખાયો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, 'ભગવાન સર્વાંતર્યામી છે; તે એક ઠેકાણે રહીને સર્વના અંતરને જાણે છે. માટે જેને અમે દુઃખવ્યો તેના જ અંતરમાં વિરાજમાન હશે ત્યારે અમે ભગવાનનો અપરાધ કર્યો.' એમ જાણીને તેને પગે લાગીને તેને કાંઈક જોઈતું હોય તે આપીને પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ..."

ભગવાનના ભક્તનો મને, વચને, કર્મે કરીને દ્રોહ થઈ ગયો હોય તેના નિવારણ માટે શ્રીજીમહારાજ પૂજા પછી એક દંડવત્ અધિક કરતા. (વચનામૃત મધ્ય પ્રકરણ : ૪૦)

સર્વમાં ભગવાનને જોવાની દૃષ્ટિ ભગવાન શ્રીહરિને હતી. તેમના આ આત્મૌપમ્યને કારણે જ નિર્માનિતાનાં નીરવ આંદોલનો તેમના અસ્તિત્વમાંથી સર્વત્રગા પ્રસરતા રહેતાં.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૧માં અને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૪૭માં ભક્તો પ્રત્યેની શ્રીજીમહારાજની મહિમાદૃષ્ટિ અનોખા સ્વરૂપે પ્રગટેલી જોઈ શકાય છે. મહારાજ કહે છે કે જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવા ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશય પ્રકાશેયુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમછે.

મહિમા અને માન વચ્ચે આયાત અને નિકાસ જેટલો તફાવત રહેલો છે. જેમના વ્યક્તિત્વમાંથી મહિમાયુક્ત પ્રેમની આવી અજસ્ર-મંદાકિની વહેતી હોય તેમાં માન સંભવે જ કેવી રીતે ?

ભગવાન હોવા છતાં તેઓ ભક્તના ભક્ત બનીને જ રહેલા. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીજીમહારાજે પોતાની આ વિશેષતા રજૂ કરી છે :

"...જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય, તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું..."

ઘણીવાર 'જ્ઞાની'ના મગજમાં પણ કલ્યાણને બદલે પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવાની ધૂન સવાર થતી હોય છે. વાણીને વાઘા પહેરાવીને પોતાની શોભા વધે તેની પૂરી તકેદારી તેઓ રાખતા હોય છે. શ્રીજીમહારાજના વર્તનમાં તો ઠીક પણ વાણીમાં પણ ક્યારેય અહંકાર આડો ફર્યો નથી. તેઓશ્રીએ ક્યારેય પોતાની વાણીને દંભના દોર પર નાચવા દીધી નથી. શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૧૩માં કહે છે : "...આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો. અને આ જે મારે વાત કરવી છે તે કોઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારું નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત છે તથા

હરિભક્ત છે. તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય' તે સારું કરીએ છીએ...''

આવી સર્વતોભદ્ર લાગણીની ગંગોત્રીમાંથી પ્રગટેલી વાણી 'પરાવાણી'નો દરજ્જો પામે તેમાં શું આશ્ચર્ય ? આ 'પરાવાણી'નો ગ્રંથ 'વચનામૃત' એ શ્રીજીમહારાજની નમ્રતાની અનુભૂતિ કરાવતો ગ્રંથ છે. આવી અનુભૂતિને અભિવ્યક્તિ આપતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સાથે આપણે પણ ગાઈએ :

'स्नेहाऽऽतुरस्त्वथ भयाऽऽतुर आमयावी,
यद्वत्क्षुधाऽऽतुरजनश्च विहाय मानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं,
त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।'

**અર્થ** : ''સ્નેહાતુર, ભયાતુર, રોગી અને ભૂખ્યા જનો સ્વમાનનો ત્યાગ કરી જેમઆ લોકમાં દીનતા રાખે છે, બરાબર તે રીતે એકાંતિક સંતો આગળ સ્વમાનનો પરિત્યાગ કરી વર્તનારા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર આપને હું શરણ જાઉં છું.''

**અનુસંધાન પેજ ૨૩નું ચાલું...**

લાગે છે કે પુસ્તકો માટે માર્કેટિંગની ખૂબ જરૂર છે. માર્કેટિંગનો આ યુગ છે. સામાન્ય ટૂથબ્રશ કે ગારમેન્ટથી લઈને મોંઘીદાટ લાખો રૂપિયાની મોટરકાર સુધી દરેક આઈટેમનું માર્કેટિંગ થાય છે. ઘરની બહાર નીકળો કે ઘરમાં હો, દિવસ-રાત અનેક અનેક જાહેરાતોનો મારો સૌના દિમાગ પર અથડાતો રહે છે. પરંતુ એમાં ક્યાંય કોઈ પુસ્તકની જાહેરાત જોઈ ? ખાસ કરીને ગુજરાતમાં ક્યારેય એવું જોયું ?

ગુજરાતી પ્રજાની ખાસ માન્યતા એ છે કે ધાર્મિક પુસ્તકો મફતમાં મળે તો શ્રેષ્ઠ ! નહિતર ઓછામાં ઓછી કિંમતે મળવાં જોઈએ. એમાંય સહેજ મોંઘા ગ્રંથ હોય તો બે નકલ લેવા માટેય કન્સેશનના ખાસ પ્રયત્નો કરવાના. ગુજરાતીઓ લગ્ન પ્રસંગોમાં કે ભોજન સમારંભોમાં અકલ્પ્ય ખર્ચાનો બોજ હસતે મોંએ વેઠે છે ! કપડાંમાં, ચલચિત્રોથી શીખેલી ફૅશનોને પોષવામાં પૈસાનું પાણી કરનારાની સંખ્યા અચંબો પમાડે તેવી મોટી છે. પણ એવા ખર્ચામાંથી ફક્ત દસમાં ભાગનો જ ખર્ચો જો પ્રેરક સાહિત્ય વસાવવામાં કરવામાં આવે તો ?

દીવાનખાનું સજાવવામાં લાખો રૂપિયા ખર્ચતા લોકો એના પાંચમા ભાગના ખર્ચમાંથી સારાં પુસ્તકો વસાવીને એનાથી દીવાનખંડને ખરા અર્થમાં સજાવે તો ? વિચાર પ્રેરક પુસ્તકોનું, સદ્ગ્રંથોનું જીવન-જરૂરિયાતમાં ક્યાંય સ્થાન જ નથી ! પહેરામણીમાં કે કરિયાવરમાં હજારો રૂપિયાનો ખર્ચ કરાય છે ! ત્યારે સારાં પુસ્તકો પણ કરિયાવરમાં કે પહેરામણીમાં આપવાનું વિચારનારા કેટલા લોકો હશે ? એવો ચાલ ઊભો ન કરી શકાય ?

ફરીથી યાદ કરીએ કે જે દેશ, સમાજ, પરિવાર કે વ્યક્તિ ઉત્તમસદ્ગ્રંથોની ઉપેક્ષા કરે છે, તે અધઃપતનની દિશા પકડે છે. ઈતિહાસમાંથી બોધપાઠ લઈને હવે પુસ્તકો તરફ આપણે આંખમિચાંમણાં છોડીએ તો સારું.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ...


ચાલો ખેડા... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ખેડા...

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના
રજત જયંતિ વર્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - ખેડાનો ભવ્ય

**પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

અંતર્ગત

**શ્રીમદ્ સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ તથા શ્રીહરિયાગ યજ્ઞ**

**તારીખ :- ૨૮ નવેમ્બર થી ૫ ડીસેમ્બર - ૨૦૦૮**

**વક્તા** :- પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી
વડતાલ (હાલ-વરજાંગ જાળિયા)

**આયોજક** :- પૂ. સ્વામી શ્રી પ્રભુચરણદાસજી (ઉંઝા)
તથા સમસ્ત સત્સંગ સમાજ - ખેડા

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લાંબીશેરી, ખેડા. મો. ૯૮૭૯૬૯૧૮૯૬**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

# નૂતન વર્ષના નવલા પ્રકાશનો... આજે જ આપ માણો...



## ચાર ધામની યાત્રા (સ્પેશ્યલ ટ્રેનયાત્રા દર્શન)

**DVD, VCD**

આજના આધુનિક વિજ્ઞાન યુગના સહારે પૂ. સંતો-પાર્ષદો સહિત ૧૪૦૦ યાત્રિકોની સાથે પાંચમી '**શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા**'ના માધ્યમથી ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક પવિત્ર **ચારધામો** તીર્થોના માહાત્મ્યની સાથે **અદ્‌ભૂત !, અદ્વિતીય !, અકલ્પ્ય !, અભૂતપૂર્વ ! અને સ્વઅનુભૂતિસભર,** અજોડ કલ્યાણકારી યાત્રાની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત યાદ કરાવતી આ વિડીયો સી.ડીના માધ્યમથી ટ્રેનયાત્રાના આછેરા સંસ્મરણને પ્રત્યક્ષ ઝલક માણીએ ને તીર્થયાત્રાની અનુભૂતિ સહિત ઉત્કંઠાને પુનઃ પુનઃ નવી નવી જગાવીએ.





## વચનામૃત વિવેચન (ગઢડા પ્રથમપ્રકરણ)

**DVD, VCD, MP3**

સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી 'શ્રી વચનામૃત' ઉપર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને ચોટદાર શૈલીમાં 'ગઢડા પ્રથમપ્રકરણ'નું કરેલું અદ્‌ભૂત વિવેચન...

નોંધ :- ગઢડા પ્રથમપ્રકરણના હજુ ૨૫ વચનામૃતનનું વિવેચન પૂર્ણ થયેલ છે, માટે તે પ્રમાણે જ કેસેટો ઉપલબ્ધ છે.






## અક્ષરના વાસી વ્હાલો, આવ્યા અવની પર... કીર્તન વિવેચન

**DVD, VCD, MP3**

સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત 'અક્ષરના વાસી વ્હાલો, આવ્યા અવની પર..'ના ચાર પદ ઉપર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને ચોટદાર શૈલીમાં ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કરેલું સુંદર વર્ણન...






## મારા વ્હાલાજી શું વાલપ દિસે રે...કીર્તન વિવેચન

**DVD, VCD, MP3**

સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી રચિત 'મારા વ્હાલાજી શું વાલપ દિસે રે..' તેમજ શ્રી નરસિંહ મહેતા કૃત 'મારા હરજી શું હેત ન દિસે રે..' પદ ઉપર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને ચોટદાર શૈલીમાં ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કરેલું સુંદર વર્ણન...







## ભાગ્ય જાગ્યા રે આજ જાણવા..કીર્તન વિવેચન

**DVD, VCD, MP3**

સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'ભાગ્ય જાગ્યા આજ જાણવા રે...' પદ ઉપર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને ચોટદાર શૈલીમાં ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કરેલું સુંદર વર્ણન...





## શ્રી રામચરિત્ર માનસ કથા પારાયણ

**DVD, VCD, MP3**

ભાક્ષી ભંડારીયાને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ શ્રી હનુમાનજી મહારાજના સ્થાપનાના ભવ્ય 'શતામૃત મહોત્સવ' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયલે ગોસ્વામી શ્રી તુલસીદાસજી રચિત 'શ્રી રામચરિત્ર માનસ કથા'.

સ્થળ : શ્રી ભંડારીયા હનુમાન, તા. રાજુલા, જી. અમરેલી.



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

# નૂતન વર્ષના નવલા પ્રકાશનો... આજે જ આપ માણો...

**DVD, VCD, MP3**

## શ્રી પુરુષોત્તમપ્રકાશ કથા





સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'શ્રી પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ ઉપર સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં માહાત્મ્યસભર કરેલું અદ્‌ભૂત વિવેચન...

**Audio CD**





પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે પ્રકાશિત

## સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીના કીર્તન પદો ભાગ-૧

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રમાણિત કરેલા, અષ્ટકવિ માંહેના અને સંપ્રદાયમાં નિત્ય ગવાતા ભાવભીના ભોજનથાળના રચયિતા સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી રચિત કીર્તનોનો રસથાળ

**સ્વર :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી **સંગીત :-** શૈલેષ-ઉત્પલ

**Audio CD**





પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે પ્રકાશિત

## સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીના કીર્તન પદો ભાગ-૨

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રમાણિત કરેલા, અષ્ટકવિ માંહેના અને સંપ્રદાયમાં નિત્ય ગવાતા ભાવભીના ભોજનથાળના રચયિતા સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી રચિત કીર્તનોનો રસથાળ

**સ્વર :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી **સંગીત :-** શૈલેષ-ઉત્પલ

**Audio CD**





પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે પ્રકાશિત

## જાગો જાગો જગજીવન (પ્રભાતિયા)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્મનિષ્ઠ નંદસંતો દ્વારા રચિત સુપ્રસિદ્ધ પ્રભાતિયા સંગ્રહ

**સ્વર :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી **સંગીત :-** શૈલેષ-ઉત્પલ

**પ્રકાશક :** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧





પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે પ્રકાશિત

## ચલે ગજ બૈઠકે મહારાજા


**Audio CD**

(શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પારંપારિક ઉત્સવ-સમૈયાના સુપ્રસિદ્ધ કીર્તનો)

:: સ્વર ::
પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલ

## ચિત્ત અટકીરી મેરે

(શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નંદસંતો રચિત કવ્વાલી-ગઝલોનો રસથાળ)





પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે પ્રકાશિત

**Handbook**

## શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

તથા

પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની વાતો તથા
સ.ગુ.શ્રી શુકાનંદ સ્વામીની વાતો

**સંશોધક :-** પૂ. સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી - સરધાર (વેદાંતાચાર્ય)



## આચાર સંહિતા

**DVD, VCD, MP3**

સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'તેરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને ચોટદાર શૈલીમાં જીવાત્માના અંતઃકરણની શુદ્ધિ માટે 'આચાર સંહિતા' વિષે સુંદર વર્ણન....



**શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામશ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં**

# ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી

શ્રી હર્ષદભાઈ ભાઈલાલભાઈ પટેલ - કેનેડા
શ્રી પ્રકાશભાઈ કેશુભાઈ પટેલ - કેનેડા
શ્રી મિલનકુમાર કેનતભાઈ પટેલ - કેનેડા
શ્રી કેતનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ - કેનેડા
શ્રી રઘુભાઈ કરશનભાઈ વઘાસીયા - રાજકોટ
શ્રી મોહિત રઘુભાઈ વઘાસીયા - રાજકોટ
શ્રી શંભુભાઈ બાવચંદભાઈ બીલા - સુરત
શ્રી કાંતિભાઈ રવજીભાઈ શાંતિનગર - સુરત
શ્રી ભીમજીભાઈ પાતાભાઈ વાલાણી - સુરત
શ્રી દાસભાઈ ફીફાદવાળા - સુરત
શ્રી ઝવેરભાઈ ગોવિંદભાઈ ઉગામેડી - ભાવનગર
શ્રી મધુભાઈ ત્રિભોવનભાઈ પરમાર - ખસ
શ્રી બ્રિજેશભાઈ કાંતિભાઈ પટેલ - અમદાવાદ
શ્રી જયાબેન કરશનભાઈ પરમાર - પુના
શ્રી પરબતભાઈ કમાણીસાહેબ - રાજકોટ
શ્રી પરબતભાઈ દેવરાશભાઈ - કાંગશીયાળી
શ્રી ભગવાનભાઈ લાલજીભાઈ - તાલાળાગીર
શ્રી રમેશભાઈ નાનજીભાઈ - વેળાવદર
શ્રી જુગલ હસમુખભાઈ ગોર - ઘાટકોપર
શ્રી દીપીકા રણછોડભાઈ પટેલ - થાણા
શ્રી શાંતિલાલ કુંવરજીભાઈ - સુરત
શ્રી જીવરાજભાઈ લાલજીભાઈ કોરાટ - પારડી
શ્રી પ્રેમવતી મહિલા મંડળ - પ્રભાબેન - નવસારી
શ્રી ભીખુભાઈ મનજીભાઈ માલવીયા - દરેડ

# શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક ભેટ નામાવલી

| | |
|---|---|
| ૧૦૦૦/- | શ્રી ભૂપતભાઈ મોરી - તળાજા |
| ૫૦૧/- | શ્રી નયનભાઈ ડી. લાખાણી - મોરબી |
| ૨૫૧/- | શ્રી ચંદુભાઈ ડી. રાદડીયા - બીલા |
| ૨૫૧/- | શ્રી રામજીભાઈ એ. દવે - અમદાવાદ |
| ૨૫૧/- | શ્રી અરવિંદભાઈ ટી. સાપરીયા - વસઈ |
| ૨૦૧/- | શ્રી અંકિતકુમાર પોપટભાઈ - ભાવનગર |
| ૨૦૧/- | શ્રી જયસુખભાઈ ટી. કાચા - જામનગર |
| ૧૫૧/- | શ્રી અરવિંદભાઈ કનુભાઈ - વિરગગામ |
| ૧૫૧/- | શ્રી નિલેશગીરી શશીગીરી ગૌસ્વામી - ધંધુસર |
| ૧૧૧/- | શ્રી રમેશભાઈ લાલજીભાઈ - સુરત |
| ૧૦૧/- | શ્રી હંસાબેન પોપટભાઈ વ્યાસ - આણંદ |
| ૧૦૧/- | શ્રી અરજણભાઈ પ્રેમજીભાઈ ચોવડીયા - વેરાવળ |

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર** : તા. ૦૭-૧૨-૦૮, માગશર સુદ - ૯

**રાજકોટ** :- તા. ૨૯-૧૧-૦૮, માગશર સુદ -૨, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

**ચાલો પંડોળી...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો પંડોળી...**

**પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' તથા પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની 'ભાવિઆચાર્ય' તરીકે નિયુક્તિના રજત જયંતિ વર્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - પંડોળીનો ભવ્ય**

# ૨૭મો વાર્ષિક પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

## તારીખ : ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી - ૨૦૦૯

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત સત્સંગ સમાજ - પંડોળી વતી પૂ. ઘનશ્યામસ્વામી (રઘુવીરવાડી-વડતાલ)

**મહોત્સવ સ્થળ :- મું. પંડોળી, તા.પેટલાદ, જી. આણંદ. સંપર્ક : મનોજભાઈ - મો. ૯૯૨૫૮૬૧૬૨૪**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# દક્ષિણ વિભાગ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા સેવારૂપે તૈયાર થયેલી સૌપ્રથમવાર વડતાલ પીઠસ્થાન મૂળભૂત સંપ્રદાયની વેબસાઈટ

As inaugraurated by **P.P.D.D. Shree 1008 Acharya Shree AjendraPrasadji Maharaj** on the day of **Shree Krishna Janmastami,** we the youth of Shree Laxminarayan Dev Yuvak Mandal Vadtal Sect, are delighted to launch this first version of the original **Shree Swaminarayan Sampraday's Shree Laxminarayan Dev Gadi (Vadtal)** Website.

# www.swaminarayanvadtalgadi.org




વ્હાલા ભક્તજનો ! વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા સમગ્ર ધર્મકુળ પરીવારના રૂડા આશીર્વાદ અને માર્ગદર્શન પ્રમાણે તેમજ પ.પૂ. **નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની** મદદથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં** વિશ્વભરના દક્ષિણ વિભાગ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ (અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ભારત) દ્વારા સેવારૂપે તૈયાર થયેલી સૌપ્રથમવાર વડતાલ પીઠસ્થાન મૂળભૂત સંપ્રદાયની વેબસાઈટપ્રકાશિત કરતા અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ વેબસાઈટનું કાર્ય ભગવાન શ્રી સ્વામિનરાયણ પ્રસ્થાપિત મૂળભૂત સિદ્ધાંતોનો સમગ્ર વિશ્વમાં ફેલાવો થાય તેમજ ષડ્અંગી સંપ્રદાય અને ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત ધર્મકુળનો મહિમા સમજાય તેવા શુભ હેતુથી કરવામાં આવ્યું છે

## :: વેબસાઈટની વિશેષતાઓ ::

- ✤ શ્રીજીમહારાજ સમકાલીન પ્રસાદીભૂત વસ્તુઓના દર્શન...
- ✤ સંપ્રદાયના મૂળભૂત સત્શાસ્ત્રો જેવા કે શ્રીમદ્ સત્સંગિજીવન, દેશ-વિભાગનો લેખ, શિક્ષાપત્રી, વચનામૃત વગેરે ગ્રંથોનું સાચા અર્થ અને સ્પષ્ટીકરણ સાથે વાંચન...
- ✤ ઘેર બેઠા સૌ ભક્તજનોને પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી દક્ષિણ વિભાગ વડતાલ દેશના સત્સંગ સમાજ દ્વારા યોજાતા વિવિધ ઉત્સવ-સમૈયાની ફોટો-ગેલેરી તેમજ વિડિયો-ઓડિયો દર્શન...
- ✤ આપ ઘેર બેઠાં આપના ઘરમાં વસાવી તેમજ નિહાળી શકશો મૂળભૂત સંપ્રદાયનું સાહિત્ય, નંદસંતો રચિત કીર્તનપદો, સત્શાસ્ત્રોની કથાવાર્તા અને શ્રી ધર્મકુળ પરીવારની અમૃતવાણી...
- ✤ આ વેબસાઈટ દ્વારા કોઈપણ ભક્તજનોને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો વિષે તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વિષે કોઈ પ્રશ્ન પૂછવો હોય તો વેબસાઈટના ઈ-મેઈલ એડ્રેસ દ્વારા આપ સંપર્ક કરી શકો છો.

**વેબસાઈટ માર્ગદર્શન અને મદદ :-** શ્રી ધર્મકુળ પરિવાર - વડતાલ તથા પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**વેબસાઈટ ડીઝાઈન સેવા :-** ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ (અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ભારત)ના ઉત્સાહી યુવાન ભક્તજનો

**visit us :-** www.swaminarayanvadtalgadi.org v **E-mail :-** dharmakul-ashrit@swaminarayanvadtalgadi.org

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર


શ્રી સ્વા. મંદિર - જુના સાવર


સત્સંગ સભા - અમૃતવેલ (તા. સાવરકુંડલા)


શ્રી સ્વા. મહિલા મંદિર - અમરેલી


શ્રી સ્વા. મંદિર - અમરેલી


પ્રતિષ્ઠા મહોત્સવ - ચાંપાથળ (તા. અમરેલી)


શ્રી સ્વા. મંદિર - સરપદડ (જી. રાજકોટ)


તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)


તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં સરધારધામને આંગણે યોજાયેલ તેરમી **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'** (તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર - ૨૦૦૮)


શોભાયાત્રા બાદ સભામાં પધરામણી


ઠાકોરજી, પોથીજી પૂજન


સેવાને અંતે રાજીપો-આશીર્વાદ


શેરડી ઉત્સવ


નૂતન મંદિરમાં નિરક્ષણ


નૂતન વર્ષે પૂજન-અર્ચન


પ્રસાદીના સ્થળોએ સમૂહ દર્શન


પ્રસાદીના સ્થળોએ સમૂહ દર્શન


દરબારગઢમાં લીંબવૃક્ષના દર્શન


મીન સરોવરમાં ઠાકોરજીનો અભિષેક


સમૂહ મહાપ્રસાદ ગ્રહણ(પુરુષભક્તો)


સમૂહ મહાપ્રસાદ ગ્રહણ(સ્ત્રીભક્તો)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના**
**'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે**

# આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ



**પ્રારંભ :** વિ.સં. ૨૦૬૫, માગશર વદ-૧૧, તા. ૨૩-૧૨-૨૦૦૮
**પૂર્ણાહુતિ :** વિ.સં. ૨૦૬૬, કારતક સુદ ૨ થી ૮,
તા.૨૦ થી ૨૬-૧૦-૨૦૦૯ (મહા મહોત્સવ)

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે **'સ્વામિનારાયણ'** મહામંત્રનું લેખનકાર્ય તા. ૨૩-૧૨-૨૦૦૮ માગશર વદ - ૧૧ (મહામંત્ર ઉદ્ઘોષણા દિન) આરંભીને વર્ષ દરમ્યાન ૧૦૦ કરોડ (૧ અબજ) મંત્રલેખન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક ગામોગામના ભક્તજનોને આ મહાકાર્યમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી આયોજક દ્વારા પાઠવવામાં આવે છે.



**અધ્યક્ષશ્રી**





**ઉપાધ્યક્ષશ્રી**

**:: આયોજનો ::**

❖ ૧૦૦ કરોડ (૧ અબજ) મંત્રલેખન ❖ વર્ષ દરમ્યાન અનેક શહેરોમાં ઉપમહોત્સવો ❖

## મહામંત્રપોથી પ્રાપ્તિસ્થાન તથા માહિતી

❖ શ્રી સ્વા. મંદિર - ગઢપુર. ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ ❖ 'આચાર્ય નિવાસ' શ્રી રઘુવીર વાડી - વડતાલ. ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮ ❖ શ્રી સ્વા. મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧
❖ શ્રી સ્વા. મંદિર - બગસરા. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧

**નોંધ :-** મહામંત્રપોથી પ્રાપ્તિસ્થાન તેમજ અન્ય વિગતોની વધુ માહિતી આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**મહામંત્રપોથી પરત કરવાની તારીખ :** વિ.સં. ૨૦૬૫ આસો સુદ - ૧૨, તા.૩૦-૯-૨૦૦૯

**આયોજક :-** દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
**શ્રી સ્વામિનારાયણ મંદિર (મુખ્ય) ગઢપુર ફો.નં. (૦૨૮૪૭)૨૫૨૮૦૦/૯૦૦**

❖ **Visit us :-** www.gopinathji.com ❖ **E-mail :-** info@gopinathji.com gadhpur_mandir@yahoo.com

ચાલો ભાવનગર...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' તથા પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની 'ભાવિઆચાર્ય'
તરીકે નિયુક્તિના રજત જયંતિ વર્ષમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ આયોજીત

પધારો ભાવનગર...

# શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

-: આયોજક :-
ધર્મકુળ આશ્રિત
શ્રી સ્વામિનારાયણ સત્સંગ
મંડળ - ભાવનગર

**તારીખ : ૧૫ થી ૨૩ ડીસેમ્બર- ૨૦૦૮**

-: કથા સમય :-
બપોરે ૩.૩૦ થી ૬-૩૦
રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦

**કથા સ્થળ :- આટામીલનું ગ્રાઉન્ડ, નિર્મળનગર, ભાવનગર**

સંપર્ક : અમરશીભાઈ ખાદી - મો. ૯૪૨૬૩૧૪૩૬૮, ઝવેરભાઈ ઉગામેડી - મો. ૯૮૨૪૪૪૭૪૪૧, છગનભાઈ વડવા - મો. ૯૯૨૫૪૦૬૬૫૬

---

ચાલો જૂનાગઢ...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' તથા પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની 'ભાવિઆચાર્ય'
તરીકે નિયુક્તિના રજત જયંતિ વર્ષમાં ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - જૂનાગઢ પ્રદેશ દ્વારા આયોજીત

પધારો જૂનાગઢ...

# શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

-: આયોજક :-
શ્રી સ્વામિનારાયણ સત્સંગ
સમાજ- જૂનાગઢ પ્રદેશ

**તારીખ : ૩૧ ડીસેમ્બર થી ૮ જાન્યુઆરી - ૨૦૦૯**

-: કથા સમય :-
બપોરે ૩.૩૦ થી ૬-૩૦
રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦

**કથા સ્થળ :- 'શિવમ્ પાર્ટી પ્લોટ' બંસીધર સોસાયટીની, ગીરીરાજ સોસાયટીની બાજુમાં, બસ સ્ટેશનની પાછળ, જૂનાગઢ**

સંપર્ક : શ્રી શાંતિલાલભાઈ માણાવદર - મો. ૯૪૨૬૧૬૭૭૦૮, શ્રી રમેશભાઈ તાલાળા - મો. ૯૪૨૮૪૯૨૧૧૮

---

ચાલો ઉતરાજ...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો ઉતરાજ...

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' તથા પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની 'ભાવિઆચાર્ય' તરીકે નિયુક્તિના રજત જયંતિ વર્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉતરાજનો ભવ્ય

# પંચાબ્દિ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

**તારીખ : ૨ થી ૮ ફેબ્રુઆરી - ૨૦૦૯**

**આયોજક** :- શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત સત્સંગ સમાજ - ઉતરાજ વતી પૂ. ઘનશ્યામસ્વામી (રઘુવીરવાડી-વડતાલ)

**મહોત્સવ સ્થળ :- મું. પંડોળી, તા.પેટલાદ, જી. આણંદ. સંપર્ક : મનોજભાઈ - મો. ૯૯૨૫૮૬૧૬૨૪**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ચાલો સરધાર... પધારો સરધાર...

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારને આંગણે અદ્યતન સુવિધા સભર તૈયાર થયેલ નૂતન 'શ્રી ભક્ત ભોજનાલય'નો ભવ્ય

# ઉદ્‌ઘાટન મહોત્સવ તથા શાકોત્સવ

તારીખ :- ૧૧ જાન્યુઆરી - ૨૦૦૯





**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



ચાલો ચણાકા... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ચણાકા...

પ.પૂ. ધ.ધુ.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' તથા પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી
મહારાજની 'ભાવિઆચાર્ય' તરીકે નિયુક્તિના રજત જયંતિ વર્ષમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - ચણાકાનો ભવ્ય



# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તથા શ્રીહરિયાગ યજ્ઞ

વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ ( હાલ-સરધાર)





:: કથા સમય ::
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦
બપોરે ૩.૩૦ થી ૬-૩૦

:: આયોજક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત
ગામ સત્સંગ સમાજ - ચણાકા

## તારીખ :- ૨૯ નવેમ્બર થી ૫ ડીસેમ્બર - ૨૦૦૮

ખાસ નોંધ :- આ મહોત્સવનું ભેંસાણ વિસ્તારના 'ક્રિષ્ના નેટવર્ક'માં લાઈવ પ્રસારણ કરવામાં આવે છે.

મહોત્સવ સ્થળ :- મું. ચણાકા, તા.ભેંસાણ, જી. જૂનાગઢ

સંપર્ક : કડવાભાઈ - મો. ૯૭૨૭૨૧૧૨૦૮ ફો.નં. ૦૨૮૭૩૨૫૯૩૦૨, ગાડુંભાઈ - મો. ૯૪૨૮૨૪૧૦૦૯,



શ્રી સ્વામિનારાયણ મંદિર - જામનગરમાં



શોભાયાત્રા - કથા પારાયણ - જામનગર



કથા પારાયણ - જામનગર



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી (ઢસા)



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી(ઢસા)



તુલસી વિવાહ મહોત્સવ - ગઢડા, આંબરડી(ઢસા)



સત્સંગ સભા - અમૃતવેલ (તા. સાવરકુંડલા)



સત્સંગ સભા તથા શાકોત્સવ - જુના સાવર



સત્સંગ સભા તથા શાકોત્સવ - જુના સાવર



સત્સંગ સભા તથા શાકોત્સવ - જુના સાવર

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન







મંદિરમાંથી પોથીયાત્રાનો પ્રારંભ | ગામના માર્ગ ઉપરથી પોથીયાત્રાની પધરામણી | કથા અંતર્ગત ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી







વિશાળ શોભાયાત્રાના દિવ્ય દર્શન | વિશાળ શોભાયાત્રાના દિવ્ય દર્શન | શોભાયાત્રા બાદ સભામંડપમાં પધરામણી







પૂ. વક્તાશ્રીને રૂડા આશીર્વાદ | મહોત્સવના આયોજકોને આશીર્વાદ | ભક્ત સમુદાયને અમૃતવચનોરૂપી દિવ્ય આશીર્વાદ







મહોત્સવનો લાભ પધારેલ વિશાળ ભક્ત સમુદાય | મંદિરમાં ઠાકોરજીની આરતી | દરરોજ રાત્રિના કીર્તન-ભક્તિ કાર્યક્રમ

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં કેરાળા(ધાર)ને આંગણે યોજાયેલ 'પંચ દશાબ્દિ મહોત્સવ તથા શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૭ થી ૧૩ નવેમ્બર - ૨૦૦૮)



પૂ. સ્વામીને આશીર્વાદ



કોઠારી શ્રી લીંબાભાઈ દ્વારા સ્વાગતપૂજન



શ્રી બાબુભાઈ અમેરિકા દ્વારા સ્વાગતપૂજન



શ્રી પરેશભાઈ અમેરિકા દ્વારા સ્વાગતપૂજન



શ્રી રાજુભાઈ અમેરિકા દ્વારા સ્વાગતપૂજન



શ્રી ચંદ્રેશભાઈ અમેરિકા દ્વારા સ્વાગતપૂજન



શ્રી વિઠ્ઠલભાઈ કેનેડા દ્વારા સ્વાગતપૂજન



શ્રી વિનુભાઈ કેનેડા દ્વારા સ્વાગતપૂજન



શ્રી હર્ષદભાઈ કેનેડા દ્વારા સ્વાગતપૂજન



શ્રી કિશોરભાઈ દુબઈ દ્વારા સ્વાગતપૂજન



ભક્ત સમુદાયને નૂતન વર્ષના આશીર્વાદ



ભક્તજનો દ્વારા સમૂહ આરતી-પૂજન

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં સરધારધામને આંગણે યોજાયેલ તેરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર - ૨૦૦૮)

Shree Swaminarayan Chintan, November - 2008 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



## છાવણી દરમ્યાન યોજાયેલ દિવ્ય શેરડી મહોત્સવ (તા.૫-૧૧-૦૮ કારતક સુદ - ૭)

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં સરધારધામને આંગણે યોજાયેલ તેરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર - ૨૦૦૮)



- છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, સંજય પટેલ - ગારિયાધાર. મો. ૯૪૨૬૪૬૮૦૫૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686